કિંમત રૂ. ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૫૪ ● માર્ચ-૨૦૨૧



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧














૧. મૂળી મંદિરમાં આ વર્ષે વસંતપંચમી ઉત્સવ કોરોનાના કારણે સાદગીથી ઉજવાયો હતો. અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજીમહારાજશ્રી. ૨. એપ્રોચ (બાપુનગર) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. નારણઘાટ મંદિરના ૨૫માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનાં અન્નકૂટ દર્શન. ૪.નારણપુરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનાં અન્નકૂટ દર્શન. ૫. જામફળવાડી મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનાં અન્નકૂટ દર્શન. ૬. અંજલી અમદાવાદ મંદિરના પાટોત્સસ્વ પ્રસંગે ઠાકોરજીનાં અન્નકૂટ દર્શન.




# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૪ ● અંક : ૧૬૪

માર્ચ-૨૦૨૧

(મૂળ વર્ષ ૫૪)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ધર્મસુત કૃષ્ણને વંદન | ૦૬ |
| ૦૪. | ધોબી | ૦૮ |
| ૦૫. | ક્યા ગુણે કરીને શ્રીજી મહારાજ રાજી થાય ? | ૧૦ |
| ૦૬. | ૐ શ્રી નરનારાયણાય નમઃ | ૧૩ |
| ૦૭. | ભગવાન રાખે તેમ રહેવું | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૬ |

# अस्मदीयम्

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં આત્મસમર્પણ કરનારા પાંચસો પરમહંસોમાં દરેકમાં અતિ સામર્થ્ય હતું. સ્વયં શ્રીહરિ કહેતાં કે આ તો અમારી મર્યાદામાં રહેલાં છે. અને અમે તેમનું સામર્થ્ય ઢાંકી રાખેલ છે. અન્યથા આ પરમહંસો એક એકથી ચડિયાતા છે. અને મર્યાદા ન હોય તો લાખો માણસોને પોતાની પાછળ પાછળ ફેરવે તેવા છે. અને ઈશ્વર જેવા થઈને જગતમાં પૂજાય તેવા છે. પણ આ સંતો જાણતાં હતાં કે આ મહારાજ ! કેવા છે, તો સ્વયં પ્રેમાનંદ સ્વામી પાસે જેમણે ગવરાવ્યું છે કે - મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી. આ શબ્દો જેમના હૃદયમાં સદા વસતા હતાં કે મહારાજ જેમ ધારે તેમ જ આ જગતમાં થાય છે. માટે આપણે કોઈ જાતની ઉપાધિ કે ચિંતા કરવાની જરાય જરૂર નથી. તેમનાં અખંડ આશ્રયમાં જ સૌનું આત્યન્તિક કલ્યાણ છે. જગતનો માણસ ઘણા બધા પ્રકારના વિચારો કરે. જાણે હું આમ કરી નાખું તેમ કરી નાખું ! હું આવો સમર્થ છું ! ધનવાન છું ! પરિવાર વાળો છું ! શક્તિશાળી છું ! બુદ્ધિમાન વિચારવાન છું ! જગતમાં બધે પહોંચેલો છું ! મારી કેટલીય વગ ઓળખાણ છે ! મારા કહેવામાં કેટલાય મોટા મોટા ધનપતિઓ છે ! અધિકારીઓ છે ! મોટો સમાજ છે, આવું ઘણું ઘણું વિચારતા પોતાના કેફમાં રાચતાં મનુષ્યનું કંઈ ચાલતું નથી. અંતે મહારાજે જે ધાર્યું હોય તે જ થાય છે અને મહારાજ તો એવા દયાળું છે કે સૌ જીવપ્રાણી માત્રનું જેમાં કલ્યાણ હોય તેવું જ આયોજન કરે છે અને તેજ યોગ્ય અને સૌના માટે શ્રેયસ્કર હોય છે.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ના કાર્યક્રમની તવારીખ



## પ.પૂ.લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**ફેબ્રુઆરી-૨૦૨૧**

૧૬ મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર વસંત પંચમીના સમૈયા પ્રસંગે દર્શનાર્થે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# ધર્મસુત કૃષ્ણને વંદન

- શાસ્ત્રી નિર્ગુણદાસજી (મહંત સ્વામી, કાલુપુર, અમદાવાદ)

॥ श्रीहरिस्तुति उपजाति ॥ सत्संगिजीवस्थ अभयराजा कृत ॥

सिताम्बरं नैष्ठिकवर्णिवेषं पीताम्बरं तं नटवर्यवेषम् ।
नवाम्बुदश्यामलसुन्दरारांगं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥१॥
शान्तान्तरत्वाश्रितमण्डलस्थं शृगांगारिगोपीगणमण्डलस्थम् ।
सरोजपत्राभविलोलनेत्रं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥२॥
वृन्देन्धन स्रग्धरपद्मपाणिं वृन्दावने सुस्वरवेणुपाणिम् ।
विचित्रपुष्पोत्तमचारुहारं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥३॥
समाधिविस्मापितसर्वलोकं रासक्रियाचित्रितदेवलोकम् ।
कन्दर्पदर्पोत्खननातिदक्षं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥४॥
स्वभक्तसत्पद्मविराजमानं वृन्दावनाकोड सुशोभमानम् ।
स्वानां हरन्तं हृदयानि दृष्ट्या वन्दे हरिं धर्मसुतं चं कृष्णम् ॥५॥
शिरः पटापीडनिजात्मलोभं मयूरपत्रालिकिरीटशोभम् ।
पद्मादिलक्ष्मांकित पादयुग्मं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥६॥
स्वदत्तभूषाः सहसा ददानं स्वांङ्गेषु भूषा विविधा दधानम् ।
सकालमायाभयदाभिधानं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥७॥
भक्तान्तरारिक्षपणप्रतापं गोगोपगोपीरिपुदैत्यतापम् ।
पादानमत्स्वीयजनैकबन्धुं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥८॥

સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રીસ્વામિનારાયણ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા ધારણ કરીને સમગ્ર વિશ્વમાં રામાનંદ સ્વામીના શિષ્યો અને મુમુક્ષુઓ ભગવદ્‌ભક્તોને ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ આપીને પોતાના સર્વોપરી સ્વરૂપની ઉપાસના કરાવીને આત્યન્તિક મોક્ષના મહા માર્ગે વાળવા માટે ગામે ગામ વિચરણ કરીને મોટા મોટા ઉત્સવો જન્માષ્ટમી પ્રબોધિની રામનવમી અને ફુલદોલના સમૈયાઓ કરીને તેમાં હજારોનો માનવ મહેરામણ એકઠો કરીને સૌને આ મહાભિયાનમાં મોક્ષ ભાગી બનાવવા વિચરણ કરવાનું પ્રારંભ કર્યું. તેમાં સરધારથી કારિયાણી આવીને વસંત પંચમીનો ઉત્સવ કર્યો. જેમાં ગઢપુરના અભરાજા અને તેમના પરિવારને શ્રીહરિનો યોગ થયો અને તેઓ શ્રીહરિને પોતાના નગર તેડી લાવ્યા અને મોટા ઉત્સવ કરવાની પ્રાર્થના કરી ત્યારે સ્વયં શ્રીહરિએ પોતાના દિવ્ય અવતાર ભગવાન શ્રીનરનારાયણનો પ્રાકટ્ય દિવસ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રએ યુક્ત વિક્રમ સંવત ૧૮૬૧ના ફાગણ વદ-૧ ના દિવસે પુષ્પદોલોત્સવ કર્યો અને ત્યાર પછી ચૈત્ર માસમાં રામનવમીના સમૈયા પ્રસંગે શ્રીહરિનો પણ પ્રાકટ્યોત્સવ છે જાણનારા અભયરાજાએ ભગવાન શ્રીહરિની ષોડશોપચારથી પૂજન અર્ચન કરીને પછી શ્રીહરિને પોતાના નગરમાં રોકવા માટે આગ્રહ કર્યો ત્યારે

શ્રીહરિએ તેમને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યા. મોરમુગટધારી વંશીવિભૂષિત કરારવિન્દવાળા પીળુ પીતામ્બર ધારી રહેલા શ્રીકૃષ્ણ ચન્દ્રરૂપે દર્શન થયા. તેજ આ શ્રીહરિ મારા આંગણે ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે વિરાજમાન છે. તે ઉભય બન્નેય દિવ્ય સ્વરૂપોના દર્શન કરીને ધન્ય થયેલાં અભયરાજા શ્રીહરિને નમ્ર ભાવથી પોતે જોયેલાં સ્વરૂપના વર્ણન પૂર્વક સ્તુતિ પ્રાર્થના કરે છે. જેના શબ્દોના અર્થને જોઇએ અને સમજવાનો પ્રયત્ન કરીએ–

આ સંસ્કૃત ભાષાના અષ્ટકમાં આર્ષદૃષ્ટા શતાનંદમુનિએ પરમાત્માના દિવ્ય સ્વરૂપના જેવા અભયરાજાને દર્શન થયા તેવા જ દિવ્ય પોતાને પણ સમાધિમાં દિવ્ય દર્શન થયા તેનું વર્ણન કરવા માટે અભયરાજાના મુખથી આ અલૌકિક સ્તોત્ર અષ્ટક પ્રગટ કર્યો છે. તેમાં બન્નેય સ્વરૂપની એકતા અને સમાનતાના દર્શન કરાવવા માટે પ્રથમ પાદમાં જેવા ભગવાન શ્રીહરિ અત્યારે સામે પ્રત્યક્ષ પ્રમાણ રૂપ વિરાજમાન છે તે સ્વરૂપનું વર્ણન કરવા રૂપ સ્મરણ કર્યું છે અને બીજા પાદમાં જે દિવ્ય દર્શન આપ્યા તે સ્વરૂપનું વર્ણન કર્યું છે. અને ત્રીજા પાદમાં આ બેય સ્વરૂપમાં રહેલ એકતા તેનામાં રહેલાં ગુણો અને ધર્મોનું વિશેષપણે વર્ણન કરે છે. ચોથા પાદમાં બન્નેય અવતાર ધારણ કરીને જે નામથી શાસ્ત્રોમાં અને જગતમાં પ્રસિદ્ધ જે નામો છે તે નામો લઈને નમ્રતાથી પ્રાર્થના કરે છે.

**સિતામ્બરંનૈષ્ઠિકવર્ણિવેષંપીતામ્બરંતંનટવર્યવેષમ્ ॥**
**નવામ્બુદ શ્યામલસુંદરાંગંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૧॥**

શાન્તિ અને સાત્વિકતા પ્રતિક સમા સદા શ્વેત સફેદ વસ્ત્રોમાં નૈષ્ઠિક બ્રહ્મચારી બટુક વર્ણીના જેવો વેશ ધારણ કરીને માનવ શરીરે પોતાના ભક્તોને દર્શન આપતા શ્રીહરિ તેજ સ્વરૂપે ત્યાગ અને વૈરાગ્યના પ્રતિક સમાન પીતામ્બર પીળા વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને શ્રેષ્ઠ નટના જેવી ક્રીડા અર્થાત રાસક્રીડા કરવાની તૈયારી જેવો સુંદર વેશ ધારણ કરનારા છો. તે બેય વેશ ધારણ કરનાર તમારૂં સ્વરૂપ નવીન મેઘ જે સૌ પ્રથમ વખત અષાઢ માસમાં ચડી આવતા ઘટાદાર વાદળોના જેવા શ્યામ અને સ્નેહ યુક્ત મનમોહક સુંદર મૂર્તિ જે પ્રત્યક્ષ દર્શન થાય છે તેજ સમાધિમાં પણ દર્શન આપો છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૧)

**શાન્તાન્તરત્વાશ્રિતમણ્ડલસ્થંશૃંગારિગોપીગણમણ્ડલસ્થમ્ ॥**
**સરોજપત્રાભવિલોલનેત્રંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૨॥**

પોતાના દિવ્ય દર્શન માત્રથી જેમના હૃદયમાંથી અન્તઃશત્રુઓ કામ ક્રોધ લાભાદિ નાશ થઈ ગયા છે. એવા પોતાના આશ્રિત પરમહંસોના મંડળના મધ્યમાં વિરાજો છો. અર્થાત સ્વભક્તોની વિશાળ સભામાં સદા દર્શન આપો છો. તેજ તમો વિવિધ પ્રકારના શ્રૃંગાર સજીને રાસક્રીડાની યાચના કરતી ગોપીઓના સમુદાયની વચ્ચે વિરાજમાન છો. તે બેય સ્વરૂપની શોભા તો એવી છે કે જેમના નેત્રો વિશાળ કમળની પાંખડી જેવા અને અતિ ચંચળ ચપળતાએ યુક્ત છે. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૨)

**વૃન્દેન્ધનૂાગ્ધરપદ્મપાણિંવૃન્દાવનેસુસ્વરવેણુપાણિમ્ ॥**
**વિચિત્રપુષ્પોત્તમચારૂહારંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૩॥**

આ પ્રત્યક્ષ વિશાળ સભામાં પોતાના ભક્તોના હિત માટે અનુકરણીય થાય તે માટે પોતાના જમણા હસ્ત કમળમાં સુંદર તુલસીના કાષ્ટમાંથી બનાવેલી માળાને ધારણ કરી રહ્યા છો. અને ડાબા હસ્ત કમળમાં સુગન્ધીત સુંદર કમળના પુષ્પને ધારણ કરી રહ્યા છો. તેજ તમે પરમાત્મા શ્રીકૃષ્ણ સ્વરૂપે વૃન્દાવનમાં ગોપીઓની સાથે રાસ ક્રીડા કરવા માટે હાથમાં સુંદર મધુર સ્વરોવાળી મોરલી વેણું ધારણ કરી રહ્યા છો. તે સમાધિમાં થયેલાં દર્શન અને આ પ્રત્યક્ષ દર્શન આપતા સ્વરૂપમાં એકતા એ છે કે બેય સ્વરૂપના કંઠમાં સુગન્ધીદાર રંગબેરંગી ચિત્રવિચિત્ર પુષ્પોના સુંદર હાર શોભી રહ્યાં છે. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૩)

**સમાધિવિસ્માપિતસર્વલોકંરાસક્રિયાચિત્રિત દેવલોકમ્ ॥**
**કન્દર્પદર્પોત્ખનનાતિદક્ષંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૪॥**

આ ભયાનક કળિયુગમાં પણ હજારો સભાજનોને સમાધિ કરાવીને જગતના લોકોને

(અનુ. પેજ નં. ૧૪ ઉપર)

# ધોબી



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક ૨૯ માં કહ્યું છે જે, શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિ અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા અને સાંભળવા પણ નહિ.

જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય તે ગાવા સાંભળવાથી જીવને બહુ મોટી પ્રાપ્તિ થાય છે. ભગવાનની લીલાનો હેતુ તો શ્રીજી મહારાજે વચનામૃત કારિયાણી પ્રકરણના ૬ માં કહ્યું છે કે, ભગવાન પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા પ્રગટ થાય છે. તે જ માત્ર મુખ્ય હેતુ હોય છે. પ્રત્યેક કલ્પમન્વતર અને યુગે યુગે ભગવાનના અનેકાનેક અવતારો પ્રગટ થાય છે. જેની કથાઓ ત્રિકાળજ્ઞાની આર્ષદૃષ્ટા ઋષિઓ-મુનિઓએ અવતરણની પૂર્વે પણ કેટલાક અવતારોની કથાઓ લખાયેલી છે. તેમાં આદિ કવિ ઋષિ વાલ્મીકિજીએ શ્રીમદ્ રામાયણની રચના સત્યયુગમાં કરી અને ત્યારપછીનો યુગ દ્વાપરયુગમાં ભગવાન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનું અવતરણ થયું. આવી અચરજકારી સત્ય કથાઓ અન્ય પુરાણોમાં પણ છે.

ભગવાન શ્રીરામની અગિયાર હજાર વર્ષની આયુની અનંતકથાઓ પાંચ હજાર જેટલી રામાવતારની કથાઓમાં આજે પણ વિશ્વના ૭૬ દેશોમાં ગવાય છે. તે રામાવતારના ચરિત્રોમાં વિવિધ રચયિતાઓના સિધ્ધાંતોના ભેદના કારણે વિવિધતા ખૂબ જ વિસ્તૃત રીતે જોવા મળે છે. તેમાં જે એક કથા ભૂતકાળમાં અને આજના વર્તમાન યુગમાં પણ જેમાં ભગવાન શ્રીરામજીને વિષે ભલભલા ભક્તોને પણ ભ્રમણા ઉત્પન્ન થાય એવી એક કથાનો ઈતિહાસ લખાયેલો છે. જેમાંથી અનેક સવાલ ઉત્પન્ન થયા કરે છે. તે પ્રસંગના કારણને આધુનિક વિજ્ઞાનયુગના લોકો શ્રીરામજીના જીવન પ્રસંગોમાં જે કથા છે જે શ્રી જગતજનની જગદંબા સીતાજી ગર્ભવતી હતા અને એક ધોબીના બોલવાના નિમિત્તને લઈને સતી સીતાજીને વાલ્મીક ઋષિના આશ્રમમાં મોકલી દીધા. આ કથાને પચાવવા પૂર્વે અને આજે પણ બહુ કઠણ પડે છે.

ભગવાનની કથાઓમાં એક નહિ અનેક કથાઓ પૂર્વાપરના અનુસંધાન સાથે છુપાયેલી હોય છે. ભગવાન તો સામાન્યમાં સામાન્ય પામર જીવના અંતરની વેદનાને પણ નજર અંદાજ કરી નથી. તે જીવની વેદના હોય કે ભક્તિભાવ તેની મનોકામના હોય કે મનુષ્યલીલા તેને પૂર્ણ ન્યાય આપ્યો છે. આ પ્રસંગમાં ધોબી ધુતારાનું બોલવું અને શ્રીરામે કરેલ સીતાજીનો ત્યાગ તેના મૂળમાં પૂર્વ એક કથા શાસ્ત્રમાં લખેલી છે. જે, મિથિલા નગરીના રાજા જનકની પુત્રી બચપનમાં સખી-સાહેલીયોની સાથે વન-બાગ-બગીચામાં ફરવા નીકળી છે. પ્રકૃતિ સ્વયં પ્રકૃતિનો આનંદ માણી રહી છે. ત્યાં એક વૃક્ષ ઉપર દેવી પોપટ અને પત્નીને દૈવી ભાષામાં શ્રીરામ કથા સંભળાવતો હતો. વાલ્મીક રામાયણ અર્ન્તગત કથા પ્રસંગમાં મિથિલાનગરીના રાજાની પુત્રીને પૃથ્વી પર એક અયોધ્યાના રાજા થશે તે રાજા બહુ શુરવીર સુંદર ચારિત્ર્યવાન થશે. તેની પત્ની જનક નંદની સૌંદર્યનો ખજાનો શીલ-સદ્‌ગુણનો ભંડાર હશે. આ પ્રકારની ચર્ચા-કથા કરે છે. એવું આશ્ચર્યકારી દૃશ્ય અને વાર્તાલાપ સખી-સાહેલીયોની સાથે શ્રીજાનકીજી સાંભળી રહ્યા હતા. શુક અને શુકી જે કથા કરી રહ્યા હતા તેમાં પોતાના જીવન સાથેની કહાનીનો સંબંધ હોવાથી અતિ આકર્ષણ-ઉત્સુકતા - જીજ્ઞાસા વધી ગઈ. સખી સાહેલીયોને પ્રત્યે શ્રી સીતાજી બોલ્યા : હે સખીઓ ! પેલા વૃક્ષ ઉપર બેઠેલા શુક-શુકીને જલ્દી મારી પાસે લઈ આવો. તેઓ મારા જીવન સાથે જોડાયેલી કહાનીની વાત કરી રહ્યા છે. મારે મારા જીવનના અન્ય પ્રસંગો તેમના મુખે સાંભળવા છે. મિથિલા રાજપુત્રી શ્રી

સીતાજીની માંગણીથી અતિ ચતુર સખીઓ તે પોપટના જોડકાને શ્રીસીતાજી પાસે લઈ આવ્યા. શ્રી સીતાજીએ કહ્યું કે : હે શુક દંપતી ! તમે મારી સાથે જગતના સ્વર્ગ સમાન વૈભવશાળી મારા રાજભુવનમાં પધારો. હું તમને મારા સ્વજન તરીકે લાલન પાલન કરીશ. આ વાત સાંભળીને શુકદંપતી ગભરાઈ ગયા. અને કહ્યું કે, અમારા માટે તો વન-પર્વતથી વધુ કોઈ સ્વર્ગ હોતું નથી. તમારા રાજભુવન તો અમારા માટે કેદખાનાની સમાન છે. પછી શ્રી સીતાજી કહે, હે શુકી ! હું તને મારા રાજભવનમાં જરૂરથી લઈ જઈશ. મને તારા ઉપર ખૂબ જ પ્રેમ છે. શુકી કહે, સાંભળો દેવી ! હું હમણા ગર્ભવતી છું. સંતાનોને જન્મ આપવો છે. તે મારા સંતાન મોટા થઈને આકાશગામી કરી શકે તેવા થઈ જાય પછી જાઓ હું તમને પ્રકૃતિની સાક્ષીએ વચન આપું છું કે, હું તમારા રાજભવનમાં આવીશ. સીતાજીનો પ્રાણી પ્રત્યેનો અત્યંત પ્રેમ જેથી શુકીની વેદના-વાત સાંભળવા તૈયાર જ થયા નહિ. અને કંઈક શ્રીહરિની ઈચ્છા કંઈ ભાવિ ભૂલો કરાવે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. તો શુકને દેખતા શુકીને લઈને શ્રી સીતાજી મિથિલા રાજભવનમાં ચાલ્યા તે સમયે શુકે સૂર્ય સામી દ્રષ્ટિ કરીને શાપ આપ્યો કે, હે સુંદરી ! તું મારી ગર્ભવતી પત્નીને બળાત્કારે મારાથી અલગ કરી રહી છે. તેના પેટમાં રહેલા બાળ જન્મ થયા પછી પિતાનું મુખ જોઈ શકશે નહિ. તો હું તને શાપ આપું છું કે આવી ઘટના તારા જીવનમાં બનશે. તું ગર્ભવતી બનીશ પછી તારો ધણી તારો ત્યાગ કરી દેશે. તારા બાળકો તારા ધણીના મુખ જોઈ નહિ શકે.

પોતાનું પૂર્વનું વૈર બીજા જન્મે શુક ધોબી બન્યો અને શુકી-ધોબણ બની તે ધોબીએ પોતાની પત્નીને નિમિત્તે શ્રીરામને આક્ષેપ કર્યો, તે સાંભળી ને તથા શુકનો શાપ શ્રીરામે અંગીકાર કરીને સીતાજીને વાલ્મીકના આશ્રમમાં મુકી આવ્યા. જગતના જીવને પૂર્વના કર્મના બંધન લાગતા હોય છે. અને ભગવાન કર્માધીન નથી, સ્વતંત્ર છે. પરંતુ પામર જીવની મનોકામના પૂર્ણ કરવા સ્વેચ્છાએ તેના શાપને ભક્તિ ભાવના રૂપે અંગીકાર કરે છે. આ પ્રસંગ સમજાશે તો શ્રીરામજીએ કરેલ ગર્ભવતી સીતાજીના ત્યાગની કથા આપોઆપ સમજાઈ જશે.


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# ક્યા ગુણે કરીને શ્રીજી મહારાજ રાજી થાય ?

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રીજી મહારાજના મુખના પ્રસાદીના અમૃત વચનો એટલે વચનામૃત. આ વચનામૃત ગ્રંથનું સંપાદન સંપ્રદાયના ખૂબ મોટા વિદ્વાન અને બ્રહ્મનિષ્ઠ પાંચ નંદસંતોએ ભેગા મળીને કરેલું છે અને આ કાર્ય માટે તેઓની નિયુક્તિ સ્વંય શ્રીજી મહારાજે કરી હતી. આ પાંચ અગ્રગણ્ય સદ્‌ગુરુઓ એટલે મુક્તાનંદ સ્વમી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી આ નંદ સંતોનું જીવન ચરિત્ર સત્સંગમાં તો પ્રસિધ્ધ છે જ પરંતુ પૂર્વે પણ તેઓ કેવા મોટા હતા તે જોઈએ તો સત્સંગિભૂષણ અંશ-૩, અધ્યાય-૪૧ માં સ્વયં શ્રીહરિએ તેઓના પુરાતન રૂપોનું સ્મરણ કરાવ્યું છે. જે મુજબ મુક્તાનંદ મુનિ એટલે નારદમુનિ, બ્રહ્માનંદ સ્વામી એટલે બ્રહ્મમુનિ, નિત્યાનંદ સ્વામી એટલે વ્યાસ મુનિ, શુકાનંદ સ્વામી એટલે પૂર્વેના શુકમુનિ અને ગોપાળાનંદ સ્વામી એટલે સ્વયં દત્તાત્રેય ભગવાન.

मुक्तानंदोऽथ गोपालानंदो मुनिरुदारधीः ॥
ब्रह्मानंदमुनि र्नित्यानंदः शुकमुनि स्तथा ॥१॥
तैः पञ्चभिः सुसंगत्य श्रीहर्युक्तिः सुधोदधिः ॥
लिखितः शोधितश्चापि यथा बुद्धियथा श्रुतम् ॥२॥

આ શ્લોક પ્રમાણે બ્રહ્માનંદમુનિ સહિત પાંચ સંતોની નિયુક્તિ સ્વયં શ્રીહરિએ કરેલી છે અને તેઓએ પોતાની મતિ અનુસાર જેવું સાંભળવામાં આવ્યું તે પ્રમાણે સંપાદન કરીને વચનામૃત લખ્યા છે. વચનામૃત ગ્રંથના અંતિમ ફકરામાં પણ બ્રહ્માનંદ સ્વામીનું નામ છે જ. વચનામૃતની ઘણી જૂની પ્રતોમાં પણ બ્રહ્માનંદ સ્વામીનું નામ છે જ. **લોક વ્યવહારમાં અને શાસ્ત્રમાં પણ પાંચ વ્યક્તિના સમૂહને જ પંચ કહેવામાં આવે છે. વળી પંચ ત્યાં પરમેશ્વર એવી કહેવત છે. વર્તમાન કાળે પણ કોઈ મોટો નિર્ણય કરવાનો હોય, તપાસ કરવાની હોય, અરે ! ત્યાં સુધી કે મોટી સરકારી સંસ્થાઓમાં ભંગાર થયેલી કિંમતી વસ્તુઓનો નિકાલ કરવાનો હોય તો પણ જે તે સંસ્થાના વડા તરફથી પાંચ વિશ્વાસુ અને કુશળ અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે છે તો શ્રીજી મહારાજે પણ પોતાના વચનોનું સંપાદન કરવા માટે પાંચ સંતોને જ નિમ્યા હોય ન કે ચાર ! ઉત્કૃષ્ટ વસ્તુ ગ્રહણ કરી વિસંગતતા દૂર કરીએ.**

ગ.પ્ર.પ્ર.-૩૮ મુજબ જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું, અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી. એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. તેના માટે વણિકના ઘેર નામું કર્યું હોય તેનું દ્રષ્ટાંત શ્રીજી મહારાજે આપ્યું છે.

વિ.સ. ૧૮૮૫ ના કાર્તિક સુદી-૧૦ દશમીને દિવસે એટલે કે ૧૮૮૫ ના નૂતન વર્ષના દશમાં જ દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીગઢા મધ્યે દાદા ખાચરના દરબારગઢમાં વિરાજમાન થઈને જે વચનામૃત બોલ્યા હતા તે આપણે સૌ જીવનમાં ઉતારીએ તે હેતુથી અત્રે નિરૂપણ કરું છું.

શ્રીજી મહારાજ કહે, 'ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રધ્ધા, ધર્મનિષ્ઠા, એ આદિક જે જે કરવું તેમાં બીજા ફળની ઈચ્છા ન રાખવી એમ સત્શાસ્ત્રમાં કહ્યું છે તેતો સાચું પણ એટલી તો ઈચ્છા રાખવી જે, 'એણે કરીને મારી ઉપર ભગવાનની પ્રસન્નતા થાય' એટલી ઈચ્છા રાખવી. અને એવી ઈચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમો ગુણી કહેવાય. **માટે ભગવાનની ભક્તિ આદિક જે ગુણ તેણે કરીને ભગવત્પ્રસન્નતારૂપ ફળને ઈચ્છવું.** ને જો એ વિના બીજી ઈચ્છા રાખે તો ચતુર્ધામુક્તિ આદિક ફળની પ્રાપ્તિ થાય.

અને ભગવાનની પ્રસન્નતા તે ઘણા ઉપચારે કરીને જે ભક્તિ કરે તેની જ ઉપર થાય ને ગરીબ ઉપર ન થાય એમ નથી. **ગરીબ હોય ને શ્રધ્ધા સહિત જળ, પત્ર, ફળ, ફુલ ભગવાનને અર્પણ કરે તો એટલામાં પણ રાજી થાય.** કેમ કે, ભગવાન તો અતિ મોટા છે, તે જેમ

કોઈક રાજા હોય તેના નામનો એક શ્લોક જ કોઈક કરી લાવે તો તેને ગામ આપે, તેમ ભગવાન તુરત રાજી થાય છે.

અને વળી ભગવાનનો ખરો ભક્ત તે કોણ કહેવાય ? ''તો પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે, ઈત્યાદિ ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રધ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ.''

પછી રાજબાઈએ પ્રશ્ન પૂછાવ્યું જે, ''હે મહારાજ ! ક્યા ગુણે કરીને તમે રાજી થાઓ ને ક્યા દોષે કરીને કુરાજી થાઓ ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આટલા તો વચનમાં દોષ છે. તે ક્યાં તો પોતાના અંતરમાં કાંઈક વિશેષ વર્તવાનું હોય તેનું અમને એકવાર કહી દેવું જે, હે મહારાજ ! તમે કહો તો હું આવી રીતે વર્તુ, પણ વારંવાર ન કહેવું જે, હે મહારાજ ! હું આમ વર્તુ, કે આમ વર્તુ, તે તમે મને કેમ કહેતા નથી ?' તે ન ગમે અને મને પોતાનો ઈષ્ટદેવ જાણે ને વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. અને હું કોઈની આગળ વાત કરતો હોઉ ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે અને ભગવાનનું ધ્યાન કરવું તથા ધર્મ પાળવો, ભક્તિ કરવી, ઈત્યાદિક જે જે શુભ ક્રિયા કરવાની છે તેને જે ભગવાન ઉપર નાખે જે, **'ભગવાન કરાવશે તો થશે.' તે ન ગમે અને 'આમ હું કરીશ, આમ હું કરીશ.' એમ કેવળ પોતાનું જ બળ રાખે પણ ભગવાનનું બળ ન રાખે તે ન ગમે.** અને જેને બોલ્યામાં પોતાના અંગનો ઠા ન હોય તે તો અતિશય ન ગમે અને બીજા વ્યવહારિક કામ કરવાં હોય તેમાં તો લાજ તથા આળસ ન થાય ને ભગવાનની વાર્તા કરવી, કથા કરવી, કીર્તન ગાવવાં, તેમાં લાજ રાખે ને આળસ રાખે તે ન ગમે. અને ત્યાગનો અથવા ભક્તિનો અથવા કોઈ રીતનો જે અહંકાર બોલીમાં લાવે તે ન ગમે અને સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે, તે ન ગમે તથા કોઈક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કુણી મારીને માર્ગ (જગ્યા) કરીને પોતે બેસે તે ન ગમે. અને બાઈ માણસ હોય ને તે પોતાના અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે તે ગમે, તથા ચાલે ત્યારે નીચી દ્રષ્ટિ રાખીને ચાલે પણ ફાટી દ્રષ્ટિ રાખે નહિ તે ગમે. અને અમારા દર્શન કરતા હોય ને કોઈક બાઈ ભાઈ આવે અથવા કૂતરું નીસરે, કે ઢોર નીસરે, કે કાંઈક ખડખડે, તેની સામું વારંવાર દર્શન મૂકીને જુએ પણ એક દ્રષ્ટિએ દર્શન ન કરે તેની ઉપર તો એવી રીસ ચડે જે, 'શું કરીએ, સાધુ થયા નહિ તો એનું કાંઈક તાડન કરીએ,' પણ તે તો થાય નહિ, કેમ જે, સાધુને કોઈનું તાડન કરવું એ અતિ અયોગ્ય કર્મ છે. અને જે કપટ રાખે પણ પોતાના મનના જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ તે ન ગમે અને માન તથા ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું તે શું ? તો પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહિ. એ ત્રણ વાનાં તો અતિશય ભૂંડા છે. **અને હરિભક્તને માંહોમાંહી બરોબરિયાપણું રહે પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશય ભૂંડું છે.''**

ઉપરોક્ત વચનામૃતનું ટૂંકમાં વિવેચન કરીએ તો, જે સાધન કહ્યા તેમાં ફક્ત શ્રીહરિની પ્રસન્નતા - ભગવાનનો રાજીપો ઈચ્છવો. અને ભગવાન રાજી થાય તો ભક્તના હિતમાં જે હોય તે આપવામાં કંઈ બાકી પણ રાખતા નથી. ભગવાનના જે ભક્ત હોય તે તો ચાર પ્રકારની મુક્તિને પણ નથી ઈચ્છતા. તે ચાર પ્રકારની મુક્તિ તે શું ? તો એક ભગવાનના લોકમાં રહેવું અને બીજું ભગવાનને સમીપે રહેવું, અને ત્રીજું ભગવાનના સરખું રૂપ પામવું અને ચોથું ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું. ભગવાનનો ભક્ત હોય તે તો કેવળ ભગવાનની સેવાને ઈચ્છે છે. **શા માટે ? જે ભગવાનનો ભક્ત થઈને એ ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા રાખે તો તે સકામ ભક્ત કહેવાય અને જે એ ચતુર્ધા મુક્તિ ને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય** એવા જે નિષ્કામ ભક્ત હોય તેને ભગવાન પોતાની સેવામાં રાખે છે અને એ ભક્ત નથી ઈચ્છતા તો પણ બળાત્કારે ભગવાન એને પોતાના ઐશ્વર્ય સુખને પમાડે છે. નિષ્કામ ભક્તને ગીતામાં ભગવાને જ્ઞાની કહ્યો છે. સકામ ભક્તને અર્થાર્થી કહ્યો છે (ગ.પ્ર.પ્ર. ૪૩).

ભગવાનને રાજી કરવા માટે ગરીબ તવંગરનો કોઈ મેળ નથી. પત્રમ્ પુષ્પમ્ ફલ તોયમ્, ભગવાનની સેવા

કરવામાં શ્રધ્ધા અને ભાવનાનું પ્રાધાન્યપણું છે. મંદિરમાં ભગવાનના ચરણોમાં તુલસીપત્રો ચડાવવામાં કદાચ સહભાગી ન બની શકાય તો ઘેર આંગણામાં તુલસીનો ક્યારો હોય કે કુંડું હોય તેમાંથી થોડા તુલસીપત્રો ચૂંટીને સવારની પૂજામાં શ્રધ્ધા અને ભાવથી શ્રીહરિની ચિત્ર પ્રતિમામાં પણ પ્રત્યક્ષ ભાવથી ઠાકોરજીના ચરણોમાં તુલસીપત્રો અર્પણ કરી શકાય. સગવડતા હોય તો ગુલાબ, મોગરા, જૂઈના છોડ ઉગાડીને તેના સુગંધીપુષ્પો ઠાકોરજીને અર્પણ કરી શકાય. ભાવથી શિંગ-સાકર-સુકામેવાનો થાળ ધરાવીએ. જળ ધરાવીએ, સિંહાસનમાં ભોજન થાળ ધરાવીએ. શુધ્ધ ભાવના, શ્રધ્ધા અને પ્રેમ હોય તો ભગવાન અવશ્ય ગ્રહણ કરે છે. ભગવાન મનુષ્ય સ્વરૂપે વિચરણ કરતા હોય ત્યારના તો અસંખ્ય દાખલા છે જ પરંતુ અંતર્ધાન થવા બાદ મૂર્તિ સ્વરૂપે રહીને પણ કેટકેટલાય સંતો-ભક્તોએ અર્પણ કરેલ દૂધ, જળ કે થાળ જમ્યાના સત્ય દાખલાઓ બનતા રહ્યા છે. જ્યારે ભાવ અને શ્રધ્ધાથી રહિત સારા સારા પકવાનો બનાવીને કોઈ પરમાત્માને અર્પણ કરવા જાય અથવા માત્ર નામ અને કીર્તિ મેળવવા માટે રૂપિયા અર્પણ કરે તો તેનો પરમાત્મા સ્વીકાર કરતા નથી.

ખરા ભક્તની કસોટી અતિશય દુઃખ કે અતિશય સુખમાં થાય છે. સહન ન થાય તેવું દુઃખ આવી પડે ત્યારે કાચા ભક્ત હોય તે દોષનો ટોપલો ભગવાન ઉપર ઢોળીને સત્સંગમાંથી પડી જાય છે. બહુ સુખ થાય ત્યારે પણ ઘણા છકી જાય છે અને નિયમ, ધર્મ, ભક્તિમાં શિથિલ થઈ જાય છે. સુખ કે દુઃખમાં લેવાય નહી. અડગ રહે, તે ખરો હરિભક્ત.

વર્તમાન કાળે મૂર્તિ સ્વરૂપે આપણને પ્રગટ ભગવાન મળ્યા છે પરંતુ મૂર્તિની મર્યાદા અનુસાર મૂર્તિ સ્વરૂપે ભગવાન આપણી સાથે બોલતા નથી. તો અંતરમાં કાંઈક વિશેષ વર્તવાની જે વાત છે ત્યાં શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અથવા બહેનો માટે પ.પૂ. ગાદીવાળાશ્રી અથવા ધર્મકુળનો યોગ ન હોય તો મોટા સંતોને લઈ શકાય. એક વાર જવાબ મળી ગયો પછી વારંવાર એ વાતને દોહરાવીએ એટલે મોટા પુરષો તુરત જાણી જાય છે કે આ અમોને પૂછવા આવ્યો છે પરંતુ તેનું ધાર્યું મૂકી શકવાનો નથી. વારેવારે મોટા પુરુષોના વેણ ઉપર વેણ ન લાવવું. મોટા પુરુષ કોઈની આગળ વાત કરતા હોય અને તેમના બોલાવ્યા વિના આપણે વચમાં બોલીએ તો અવિવેક છે. શુભ ક્રિયા કરવી હોય ત્યારે ભગવાન કરાવશે તો થશે એવું ધારીને શરૂઆત જ ન કરીએ તે સાધન ન કરવાનો ઈરાદો હોય તેવું જણાય છે. જે કંઈ કાર્ય કરવું તે ભગવાનનું બળ રાખીને, ભગવાનને આગળ રાખીને કરવું. સફળતામાં યશ ભગવાનને આપવો. હું કરીશ, હું કરીશ, મેં કર્યું આ કેવળ અજ્ઞાનતા અને અભિમાન છે. ભગવાનની મરજી વિના કોઈથી સુકું પાંદડું પણ હલતું નથી.

ઘણા એવા માણસો જોવા મળે છે કે જેઓને મંદિરે જતા લાજ-શરમ આવે છે. અથવા મંદિર કથા કીર્તન આદિકમાં આળસ આવે છે. વ્યવહારિક કાર્યમાં ક્યાંય પાછા ન પડે, ઉંમર થઈ હોય તો પણ દરેક જગ્યાએ અવશ્ય હાજરી આપી આવે. વિચારમાં વાણીમાં અહંકાર પ્રદર્શિત થતો રહે એ ભગવાનને ગમતું નથી. સભાનો વિવેક ભગવાને શીખવાડ્યો છે. સ્ત્રીઓની લજ્જા શીખવાડી છે. શિક્ષાપત્રીમાં પણ સ્ત્રીઓએ કેવા વસ્ત્રો પરિધાન કરવા તેનો શ્લોક શ્રીહરિએ લખ્યો છે.

ભગવાનનું દર્શન કરતા હોઈએ ત્યારે એકાગ્ર ચિત્તે દર્શન કરીએ. બાજુમાં કોણ આવ્યું અને કોણ ગયું અથવા આ શેનો અવાજ આવે છે એ બધી વૃત્તિઓને સંકેલીને, દેહ ભાન ભૂલીને ભગવાનનું દર્શન કરવું કે પૂજા કરવી. અને કોઈક ભક્ત દર્શનમાં લીન હોય ત્યારે તેના અન્ય પરિચિત ભક્તએ પણ તે ભક્તને અડીને કે બોલીને પોતાની હાજરી પૂરાવવાનો પ્રયત્ન કરવો નહિ. 'જય સ્વામિનારાયણ' કહેવું હોય તો તે ભક્ત દર્શન કરી લે પછી કહેવું. ભગવાન આગળ કે મોટા પુરુષો આગળ કપટ ન રાખવું. નિષ્કપટ બની વાત કરીએ તો પોતાના દોષ દૂર થાય. માન, ક્રોધ વગેરે અંતઃશત્રુઓને જીતવા. સંતો-ભક્તોનો મહિમા સમજવો. દરેક જગ્યાએ બરોબરિયાપણું ન રાખવું.

શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં એ જ પ્રાર્થના કે આપણે સૌ આપણા ઈષ્ટદેવ શ્રીહરિ અને આપણા સૌના ગુરુ સ્થાને બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગમતામાં રહીએ.

# ૐ શ્રી નરનારાયણાય નમઃ

- નવનીતભાઈ ભગત (ગઢડા)

આ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ છે. દિવ્ય બદ્રિકાશ્રમ ધામમાં એક જ ભગવાન બે સ્વરૂપે બિરાજમાન છે

**છો તો એક ને દિસો છો દોય,**
**તેનો ભેદ જાણે જન કોય.**

શ્રી નરનારાયણદેવ કૃપાળુ છે ખબર છે ? પોતે બોરડી નીચે બેસીને તપ કરે છે એ તપનું ફળ ભક્તજનોને આપે છે.

તપ નરનારાયણ ભગવાન કરે, આપણે કાંઈ જ ન કરીએ છતાં કેવા સુખેથી ફરીએ છીએ. એક દિવસ ઉપવાસ કરવો હોય, સરસ મજાના પેંડાના ફરાળ કર્યા હોય તો પણ મજાગરા બધા ઢીલા થઈ જાય છે. પણ શ્રી નરનારાયણદેવની કૃપા તો જુઓ, તપ પોતે કરે અને ફળ પોતે ન લે. ફળ ભક્તોને આપે. ત્રણ કલાક પલાંઠી વાળીને બેસવું હોય તો પણ નહિ બેસી શકાય. તો તપની વાત ક્યાં આવી ? એકટાણાં કરવા હોય તોય મનમાં વિચાર થાય, કેમ થશે ? તો તપ કેમ થાય ? ધન્યવાદ છે શ્રી નરનારાયણદેવને..... આપણે તો એમની છત્રછાયામાં બેઠા છીએ. મુક્તાનંદ સ્વામી ગાય છે તેમની પંક્તિમાં

**વ્હાલો ભરત ખંડના નરનારને**
**પોતે તપ કરીરે આપે ફળ સોય, બદ્રિપતિ પ્રબલ પ્રતાપ છે.**
**હરિના તપ કેરાં પુણ્ય પ્રતાપથી,**
**થયાં શુધ્ધ મન રે હરિજન સર્વે કોય, બદ્રિપતિ પ્રબલ પ્રતાપ છે.**

ધાવણું બાળક માંદુ થાય તો માતા દવા ખાય અને બાળક સાજું થાય. આવી આપણી આયુર્વેદિક પધ્ધતિ છે. એ જ રીતે આપણા શ્રી નરનારાયણદેવ તપ કરે છે અને તપનું પુણ્ય ભક્તોને મળે છે.

તે તપનો પ્રભાવ આપણે આજે પ્રત્યક્ષ નજરે જોઈએ છીએ. આવા હળાહળ કળિયુગમાં વ્યસન ફેશન અને માયાના પ્રચંડ વાવાઝોડામાં ભક્તો ભગવાનની આજ્ઞા સત્યુગના જેવી પાળે છે. કળિયુગનું એક પણ દુષણ સત્સંગીને પ્રલોભનમાં ખેંચતું નથી. અણી શુધ્ધ નિયમોનું પાલન કરે છે. આ બધો આપણા શ્રી નરનારાયણદેવનો પ્રતાપ છે. તેથી પંચ વિષયમાં બંધાતા નથી. વિચાર કરો ભગવાનને તપ કરવાની શી જરૂર છે ? સ્વયં પોતે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન છે છતાં તેને તપ કરવાની શી જરૂર છે ?

માતાને ખબર છે કે મારૂ બાળક દવા નહિ ખાય. કડવી લાગશે, થૂંકી નાંખશે. ઓતરાઈ જશે. તેથી બાળકના બદલામાં દવા ખાય છે ને દવાનું તત્વ દૂધમાં આવે છે. બાળક માતાને ધાવે તેથી બાળક નિરોગી થાય છે. આપણા બધાની માતાની પણ જો મા હોય તો તે છે શ્રી નરનારાયણદેવ.

શંકરાચાર્યજીએ પ્રભુને કહ્યું. કલિયુગના માનવીને તમારાં દર્શન કેમ થશે ? ભગવાન શ્રી નરનારાયણદેવ બોલ્યા, તમે નારદકુંડમાં સ્નાન કરો એમાંથી મારું સ્વરૂપ તમને હાથમાં આવશે. તે સ્વરૂપની સ્થાપના કરજો. એ સ્વરૂપનાં જે લોકો દર્શન કરશે તેને બદ્રિકાશ્રમના દર્શનનું ફળ મળશે. હાલ બદ્રિકાશ્રમમાં જે શ્રી નરનારાયણદેવ બિરાજે છે તે શંકરાચાર્યજીના પધરાવેલા છે. તે આજે પણ દિવ્ય દર્શન આપી રહ્યા છે.

બદ્રિનારાયણ ભગવાન છે તો રાજાધિરાજ પણ સેવા બધી તપસ્વીના જેવી છે તેથી અંગમાં ગરમી બહુ વધી જાય. તેથી હિમાલયમાં સખત ઠંડી હોવા છતાં ઠંડા પાણીથી દરરોજ અભિષેક થાય છે ને ચંદનની અર્ચા કરવામાં આવે છે. બદ્રિનારાયણના મંદિરમાં પહેલી નરનારાયણ દેવની પૂજા થાય છે. અને પછી મંદિરથી બહાર બેઠેલા લક્ષ્મીજીની પૂજા થાય છે. બધી જ જગ્યાએ લક્ષ્મીજી સાથે નારાયણ હોય પણ પોતે તપસ્વીના વેશમાં હોવાથી લક્ષ્મીજીને અલગ રાખ્યા છે. તે જગતને તપ માર્ગનો પ્રભુએ આદર્શ બતાવ્યો છે. તપસ્વીએ હમેંશા સ્ત્રીથી દૂર રહેવું અને સ્ત્રી તપસ્વીની હોય તો પુરુષથી દૂર રહેવું.

બદ્રિકાશ્રમમાં જવું બહુ જ કઠિન પડે તેથી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈ અમદાવાદમાં સૌ પ્રથમ સંપ્રદાયમાં પહેલું મંદિર બનાવરાવી શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. અને ભૂજ

નગરમાં પણ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે. અને કહ્યું કે **આ શ્રી નરનારાયણને અમે અમારૂં રૂપ જાણી અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણને વિષેને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહીં ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે.** (અમ.-૬) માટે આ નરનારાયણદેવનાં જે દર્શન કરશે તેને બદ્રિકાશ્રમધામની યાત્રાનુ ફળ મળશે. દરરોજ જે નિયમિત દર્શન કરશે તેના મોક્ષમાં કોઈ અવરોધ નહિ આવે. આ મંદિરમાં જે કોઈ જપ કરશે, તપ કરશે, પાઠ પૂજા કરશે. પાટોત્સવ કરાવશે તેના મનોરથ સર્વે પૂર્ણ થશે. આ મંદિરમાં જે કોઈ દાન, ભેટ, ધર્માદો આપશે એમનાં મનવાંછિત સંકલ્પો શ્રી નરનારાયણદેવ ચોક્કસ પૂરા કરશે જ.

સ્વર્ગમાંથી દેવ દેવતાઓ દરરોજ શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવે છે. શ્રીજી મહારાજના વચનો છે કે દેશ-પરદેશ રહેતા ભક્તજનો દર એકાદશીના દિવસે અહીં આવીને દર્શન કરશે તો એને દરરોજ દર્શન કરવાનું ફળ મળશે. દર મહિને દૂર દેશાંતરના ભક્તજનો આવી ન શકે પરંતુ શ્રી નરનારાયણદેવના સ્થાપનના દિવસે એટલે કે પાટોત્સવના દિવસે દર્શને આવશે તો એમના આખા વર્ષના દેવ દર્શનનું ફળ પ્રાપ્ત થશે.......

અનુ. પેજ નં. ૭ નું ચાલુ

આશ્ચર્યચકિત કરો છો, તેવી જ રીતે ગોપીઓ સાથે દિવ્ય રાસક્રીડા કરીને સમસ્ત દેવ સમાજને વિસ્મિત કર્યો છે, તે તમારા દિવ્ય સ્વરૂપમાં એવું સામર્થ્ય છે કે જેને જોઈને અપરાજેય એવા સાક્ષાત્ કામદેવના ગર્વનો નાશ કર્યો છે. એવા હે ધર્મ દેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૪)

**સ્વભક્તસત્પદ્મવિરાજમાનંવૃન્દાવનાક્રીડસુ શોભમાનમ્ ॥**
**સ્વાનાંહરન્તંહૃદયાનિદૃષ્ટ્યાવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૫॥**

પોતાના આશ્રિત પ્રેમીભક્તોના સાધારણ માટીના ઘરોમાં સાક્ષાત્ અનંતકોટી બ્રહ્માંડાધિશ્વર સર્વાવતારી એવા આપ પ્રત્યક્ષ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિરાજો છો, તેજ સ્વરૂપે વૃન્દાવનમાં તેજોમય સ્વરૂપે વ્રજવાસી ગોપીઓ સાથે રાસક્રીડા કરતાં અતિ શોભો છો. જ્યારે સ્વભક્તો ઉપર દૃષ્ટિ કરો છો ત્યારે તેમના હૃદય મનને પોતાના સ્વરૂપમાં મૂર્તિમાં ખેંચી લો છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૫)

**શિરઃપટાપીડનિજાત્મલોભંમયૂરપત્રાલિકિરીટ શોભમ્ ॥**
**પદ્માદિલક્ષ્માંકિતપાદયુગ્મંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૬॥**

અહિં મનુષ્યાકૃતિ ધારી સ્વરૂપે મસ્તક ઉપર સુંદર મોળીયું ધારણ કરીને પોતાના ભક્તોના મનને લોભાવો છો. અને વૃજમાં મયૂર પીંછવાળા મોરમુગટ ધારણ કરીને અતિશે શોભાયામાન રૂપના દર્શન કરાવો છો. તે તમારા બેય સ્વરૂપોમાં કમળ આદિક સોળ ચિન્હથી યુક્ત યુગલ ચરણાર્વિન્દથી શોભાયમાન છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૬)

**સ્વદત્તભૂષાઃસહસાદદાનંસ્વાંગેષુભૂષાવિવિધાદધાનમ્ ॥**
**સકાલમાયાભયદાભિધાનંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૭॥**

આમ પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજમાન થઈને પોતાના ભક્તોએ અર્પણ કરેલાં બહુ મૂલ્ય વસ્ત્રો અને સુવર્ણના આભૂષણો તત્કાળ પ્રેમથી કોઈ જરૂરિયાતવાળાને આપી દો છો. અને દિવ્ય સ્વરૂપે વૃન્દાવનમાં અનેક પ્રકારના વસ્ત્રાભૂષણો સ્વયં ધારણ કરીને ભક્તોને અલૌકિક દર્શન આપો છો. જેથી દર્શન કરનારાના કાળા માયા જન્મ મૃત્યુના મહાભયનો નાશ કરો છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૭)

**ભક્તાન્તરારિક્ષપણ પ્રતાપંગોગોપગોપીરિપુદૈત્યતાપમ્ ॥**
**પાદાનમત્સ્વીયજનૈકબન્ધુંવન્દેહરિં ધર્મસુતંચકૃષ્ણમ્ ॥૮॥**

આ તમારા પ્રત્યક્ષ મનુષ્યાકૃતિ સ્વરૂપના દર્શન આશ્રય કરે છે તેના હૃદયમાંથી અંતઃશત્રુઓ કામ ક્રોધાદિનો નાશ થાય તેવો તમારો પ્રતાપ અને ઐશ્વર્ય છે. તેવી જ રીતે ગાયો ગોવાળીયા અને ગોપીઓના શત્રુ એવા દૈત્ય કંસાદિકને મહાન ભય તાપ ઉત્પન્ન કરો છો. પણ જે કોઈ તમારા શરણે આવે છે કે નમસ્કાર કરે છે તેમના તો સ્વજન મિત્ર કે સબંધીજ થઈને રહો છો. એવા હે ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલા સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા ચરણોમાં હું વંદન સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. (૮)

# ભગવાન રાખે તેમ રહેવું

- ગંગારામભાઈ એમ. પટેલ (પ્રાંતિજ)

આપણા જીવનમાં સુખ આવે છે તે ગમે છે. પરંતુ દુઃખ આવે છે તે ગમતું નથી. માણસને સહજ દુઃખ આવે એટલે તરત જ તે ભગવાન વિરૂદ્ધ પણ બોલવા માંડે છે. ભગવાન થઈને આવું કેમ કરે છે ? પરંતુ થોડા સમય પછી તેનું પરિણામ આપણે જાણીએ છીએ ત્યારે ખબર પડે છે કે ભગવાન જે કરે છે તે આપણા સારા માટે જ કરે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે તેમ આપણે રાજી રહેવું.

એક વખત સ્વામિનારાયણ ભગવાન મૂળજી બ્રહ્મચારી સાથે એક ગામથી બીજે ગામ પગપાળા જતા હતા. ત્યાં રસ્તામાં એક ગાડાવાળો જતો હતો તેઓ જાન લઈને નીકળ્યા હતા. મૂળજી બ્રહ્મચારીએ ગાડાવાળાને વિનંતી કરી કે ''તમારા ગાડામાં થોડી જગ્યા થાય તેમ છે તો અમને ગાડામાં બેસાડી દો તો ભગવાન તમારું ભલું કરશે.''

ગાડાવાળાને દયા આવી તેથી તેમણે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મૂળજી બ્રહ્મચારીને ગાડામાં બેસાડ્યા. ગાડુ આગળ ચાલ્યું. રસ્તામાં બપોરનો સમય થયો એટલે બધા જમવા માટે રોકાયા. જમીને ચાલ્યા ત્યારે ખબર પડી કે ગાડામાં સોનાનાં ઘરેણાં હતા તે ડબ્બો ચોરાઈ ગયો છે. બધા તપાસ કરવા લાગ્યા ત્યારે ભગવાને કીધું કે આ ગાડાવાળાએ જ લીધો છે. બધા જાનવાળા માણસોએ ભેગા થઈને ગાડાવાળાને માર માર્યો. થોડા સમય પછી જાનવાળા માણસો હતા તેના સામાનમાંથી ડબ્બો ભૂલશી આડો-અવળો મૂકાઈ ગયો હતો તે દાગીનાનો ડબ્બો મળી ગયો.

મૂળજી બ્રહ્મચારીએ તરત જ ભગવાનને કીધું કે તમે આવાં કામ કરો છો ? બિચારા ગાડાવાળાએ દયા લાવી આપણને ગાડામાં બેસાડ્યા અને તમે તેને વગર વાંકે માર ખવડાવ્યો ?

ત્યારે ભગવાને કીધું કે તમને એમાં ખબર નહી પડે. આ ગાડાવાળા અને આ જાનૈયાને સાત જન્મથી વેર ચાલ્યું આવે છે અને હજુ સાત જન્મ સુધી ચાલવાનું હતું તે અમે આ નિમિત્ત ઉભું કરીને ગાડાવાળાને માર ખવડાવીને ટાળી દીધું. હવે આ ગાડાવાળાને સાત જન્મ ધરવા નહીં પડે. ગાડાવાળાએ અમારી સેવા કરીને અમને ગાડામાં બેસાડ્યા તો અમારે ગાડાવાળાનું હિત તો કરવું જ પડે ને ! ભલે એને સમજાય કે ના સમજાય.

આમ ભગવાન જે કરતા હોય છે તે આપણા સારા માટે જ કરતા હોય છે. પરંતુ આપણે જાણી શકતા નથી તેથી આપણે દોષ પરઠીએ છીએ. ઘણી વખત આપણને લાગે છે કે હું ભગવાનની આટલી ભક્તિ કરું છું, માળા કરું છું. મંદિર જાઉં છું. દાન કરું છું, સત્સંગ કરું છું. છતાં ભગવાન મને કેમ દુઃખ આપતા હશે ? પરંતુ ભગવાન જે કરતા હોય તે આપણા સારા માટે જ કરે છે, માટે ''ભગવાન રાખે તેમ રહેવું, દેખાડે તેમ જોવું.''



શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

કાલુપુર સ્વામિનારાયણ મંદિરને ૧૯૯ વર્ષ પૂરા થયાં. આવતા વર્ષે ૨૦૦ વર્ષનો ઉત્સવ **પર્વ ધામધૂમથી** ઉજવાશે.

આજથી ૨૦૦ વર્ષ પહેલા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સ્વંય શ્રીજી મહારાજે પોતાના વરદ્ હસ્તે **શ્રી નરનારાયણદેવને બાથમાં** લઈ કરી હતી. હાલમાં જ્યાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત છે તે જગ્યાએ નીચે એક કૂવો છે અને એક રૂમ પણ છે ત્યાં રૂમમાં બાજુમાં આવેલ બારીનું આ બારણું છે. ઉનાળામાં કૂવાના પાણીને સ્પર્શી શીતળ લહેર આ બારી મારફત રૂમમાં આવતી અને શ્રીજી મહારાજ આ રૂમમાં આરામ કરતા ત્યારે તેમને એ શીતલ લહેરથી આરામ આરામદાયક લાગતો હશે.આ પ્રસાદીનું બારીનું બારણું હોલ નંબર - ૧ માં દર્શનાર્થે રાખેલ છે.

કોરોનાકાળ બાદ આપણું મ્યુઝિયમ દર્શનાર્થે હવે શરૂ થઈ ગયું છે. આગામી ફાગણ સુદ -૩ તા. ૧૬ માર્ચે આપણા મ્યુઝિયમનો ૧૦મો સ્થાપના દિન છે. દર વર્ષની જેમ ઠાકોરજીનો અભિષેક તથા સમૂહ મહાપૂજા દ્વારા ૧૦મો સ્થાપના દિન ઉજવવામાં આવશે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-ફેબ્રુઆરી-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૦૭-૦૨-૨૦૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ ગાંધીનગર (સે-૨) - પ્રેરણા મહંતશ્રી નાના પી.પી. સ્વામી |
| તા. ૧૨-૦૨-૨૦૨૧ | પ.ભ. નિકુલભાઈ ડાહ્યાભાઈ ચૌધરી - બાલવા |
| તા. ૧૪-૦૨-૨૦૨૧ | પ.ભ. દક્ષાબેન સંજયભાઈ સોની સેટેલાઈટ - હ. અર્જુન સંજયભાઈ સોની |
| તા. ૧૪-૦૨-૨૦૨૧ | પ.ભ. હર્ષાબેન ઈન્દ્રવદન પટેલ - નારણપુરા |
| તા. ૨૩-૦૨-૨૦૨૧ | પ.ભ. વિક્રમભાઈ જયંતીભાઈ પાટડીયા - ન્યુ રાણીપ |
| તા. ૨૪-૦૨-૨૦૨૧ | સાંખ્યયોગી મરઘાબા - શ્રી સ્વામિનારાયણ મંદિર હરિપર - ધ્રાંગધ્રા |
| તા. ૨૫-૦૨-૨૦૨૧ | પ.ભ. રમેશભાઈ ઈશ્વરભાઈ ભાવસાર - સેટેલાઈટ - ચિ. ઘનશ્યામના લગ્ન નિમિત્તે |
| તા. ૨૭-૦૨-૨૦૨૧ | પ.ભ. રણછોડભાઈ કરશનભાઈ પરમાર - નરોડા (બળોલભાલ) - પ્રેરણા પૂ. બળદેવસ્વામી તથા પૂ. હરજીવન સ્વામી |
| તા. ૨૮-૦૨-૨૦૨૧ | પ.ભ. કોકિલાબેન વિઠ્ઠલભાઈ ભાવસાર - ન્યુ રાણીપ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સમર્પણ - ફેબ્રુઆરી-૨૦૨૧

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. વિઠ્ઠલભાઈ શિવરામદાસ પટેલ - રિદ્રોલવાળા હાલ અમદાવાદ. |
| રૂા. ૫૧,૦૦૦/- | ગં.સ્વ. કાનબાઈ કરશન વરસાણી - હ. પ.ભ. કાનજી કરશન વરસાણી - સામત્રા (કચ્છ) |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. ભીમજી માવજી ભુડીયા પરિવાર |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. હિરજી માવજી ભુડીયા પરિવાર |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. મનસુખ માવજી ભુડીયા પરિવાર - ભુજ (કચ્છ) |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
### ૧૦માં સ્થાપનાદિનનો કાર્યક્રમ

સમૂહ મહાપૂજા
સમય બપોરે ૩-૦૦ થી ૫-૩૦
સત્સંગ સભા તથા દાતાઓનું સન્માન અને આશીર્વચન
સમય સાંજે ૫-૩૦ થી ૬-૩૦
ભોજન પ્રસાદ સાંજે ૬-૩૦

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાવધાન રહેજો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક રાજા પોતાના રાજ્યમાં લોકો કઈ રીતે રહે છે તે જાણવા વિચારે છે. દિવાનને કહે છે કે પ્રજાના સુખ-દુઃખ કેવાં છે તે આપણે વેષ બદલીને જોઈએ. આ પ્રમાણે રાજા અને દિવાન ઘોડા ઉપર બેસીને નીકળે છે. અને પ્રજાના જીવનની વાસ્તવિકતાનો ક્યાસ કાઢતા જાય છે. વાતો કરતાં કરતાં ખૂબ દૂર નીકળી ગયા. બંને છૂટા પડી ગયા. આ બાજુ રાજા ક્યાંય દુર નીકળી જાય છે. રાજા એકલો છે, ખૂબ તરસ લાગે છે. પાણીની શોધ કરે છે પણ ક્યાંય પાણી દેખાતું નથી. આગળ જતાં રાજાએ એક ખેડૂતને ખેતરમાં જોયો. રાજાને એમ કે ખેડૂત પાસે પાણી મળશે માટે ત્યાં જાઉં.

રાજાને તરત છીપાવવા માટે પાણીની જરૂર છે. ત્યારે આ બાજુ ખેડૂત એમ સમજે છે કે કોઈ શિકારી આવે છે. તે કાં તો શિકાર માટે આવતો હશે કાં તો તરસ લાગી હશે. એટલે આવતો હશે. પણ તેની પાસે હથિયાર છે. આવું ખેડૂત વિચારે છે ત્યાં તો રાજા નજીક આવી જાય છે. અને કહે છે કે મને ખૂબ તરસ લાગી છે. મને પાણી પીવડાવ. હવે ખેડૂતના મનમાં ગાંઠ પડી કે આ તો શિકારી જ છે. જો હું તેને પાણી પીવડાવીશ તો પાણી પીધા પછી તે પાપ કરવાનો. માટે એને તો પાણી ન જ આપું. આવું વિચારી તેણે પાણી ન પાયું. રાજા પોતે માટલી પાસે ગયા તો ખેડૂતે લાકડીનો ફટકો મારી માટલી ફોડી નાંખી.

રાજા વિચાર કરે છે કે આ તો મારા રાજ્યની હદ છે. તો પણ શા માટે મને પાણી ન પાયું ! રાજાને વ્હેમ પડ્યો કે પ્રજાને કાંઈક તકલીફ હશે. આ ખેડૂતે મને પાણી પીવડાવ્યું નહી. જે હોય તે ખેડૂતનો કાંઈક હેતુ હશે એમ માની રાજા તો ઘોડા પર બેસી પાછો વળ્યો. રાજમહેલમાં આવી પછી શાંતિથી પાણી પીધું.

રાજાને તપાસ કરવાની ઈચ્છા થઈ કે શું કારણે ખેડૂતે મને પાણી ના પાયું ? રાજાના સિપાઈઓ ખેડૂત પાસે આવ્યા અને ખેડૂતને કહે, ચાલો મહારાજ પાસે. તેમણે તમને બોલાવી લાવવાનો હુકમ કર્યો છે. ખેડૂત વિચારે છે કે મેં કાંઈ ગુનો તો કર્યો નથી, ખેતીનો છઠ્ઠો ભાગ પણ રાજાને આપી દીધો છે. તો મને શા માટે મહારાજા બોલાવતા હશે ! સિપાઈ કહે, ચાલો જલ્દી. સિપાઈ કહે એટલે તો ચાલવું જ પડે. તે કહે તેમ કરવું જ પડે કારણ કે તેની પાસે દંડો હોય છે, તરત જ ફટકારે.

મહારાજા પાસે ખેડૂતને હાજર કરવામાં આવ્યો. ખેડૂત તરત જ જાણી ગયો કે આ તો કાલે આવ્યો હતો તે જ છે. રાજાએ તરત જ પૂછ્યું કે હું તારે ત્યાં આવ્યો હતો, મને ખૂબ તરસ લાગી હતી છતાં તે પાણી કેમ ના પીવડાવ્યું ? તને ખબર છે, મને તરસના લીધે ચક્કર આવતા હતા, પાણીની ખૂબ જરૂર હતી છતાં તેં પાણી ન પાયું. આવું શું કામ કર્યું ? ત્યારે ખેડૂત કહે, માફ કરજો. મેં માન્યું કે તમે શિકારી હશો. તમને પાણી પાઉં તો પાછા પાપ કરશો. રાજા કહે, મારી પાસે હથિયાર હતાં, બંદુક હતી છતાં તને બીક ન લાગી ? બીક શાની ! મેં સંકલ્પ કર્યો હતો કે દુર્જનને પાણી નથી પાવું તેથી હું મારા સંકલ્પમાં મક્કમ રહ્યો. એટલે મેં પાણીની માટલી ફોડી નાંખી.

ખેડૂતની વાત સાંભળી પછી રાજા કહે, તેં તારો સંકલ્પ પાળ્યો તો મેં પણ જે સંકલ્પ કર્યો હતો કે જો ખેડૂત પાણી પાય તો એને એક ગામનો રાજા બનાવી દઉં. ભલે તેં મને પાણી ન પાયું પણ તારો ઈરાદો શુધ્ધ હતો તેથી તને એક ગામ બક્ષીસમાં આપીને તે ગામનો રાજા બનાવું છું. જા હવેથી આ એક ગામ તારૂં. એમ કહીને ગામ બક્ષીસમાં આપી દીધું. પાણી ન પાયું છતાં પણ એક ગામનો રાજા બન્યો.

હવે એક મુશ્કેલી આવી. રાજાને ત્યાં કોઈ પ્રસંગ હોય, કુંવરનો જન્મ થાય ત્યારે બધા નાના-નાના રાજાઓ ભેગા થાય. ભેટ સોગાંદો આપે. આ બધા કાર્યક્રમ માટે રાજાની કચેરીની બાજુમાં રાજાઓના ઉતારા માટે જે ઓરડા હોય ત્યાં બધા રાજાઓ બેઠા હોય અને કાંઈની

કાંઈ વાતો કરતા હોય. જેમ સચિવાલયમાં બધા ખંડો હોય તેમ, આવા કોઈ પ્રસંગે આ રાજાને ત્યાં નાના નાના રાજાઓ ભેગા થયેલા. એમાં રાજા બનેલો આ ખેડૂત પણ હતો. બધા બેઠા બેઠા વાતો કરતા હતા. કોઈએ એક રાજાને પૂછ્યું. તમને આ પાંચ ગામ કઈ રીતે મળેલાં ? ત્યારે તે કહે છે કે મહારાજાને મેં યુધ્ધમાં મદદ કરેલી તેથી ખુશ થઈને મને પાંચ ગામ આપેલા. બીજાને પૂછ્યું, તમને કઈ રીતે ગામ મળેલાં ? ત્યારે કહે છે તે, એકવાર રાજાના ઘોડાને તકલીફ થઈ, બિમાર પડી ગયો તો મેં મારો ઘોડો રાજાને આપી દીધો તેથી મને આ ગામ ભેટમાં મળેલાં, ત્રીજો કહે, મારા પિતા વૈદ્ય હતા. કોઈથી પણ ના મટે તેવો રોગ મારા પિતાએ મટાડી દીધો હતો તેથી અમને આ બે ગામ ભેટમાં મળેલાં. આમ કરતાં કરતાં આ ખેડૂતનો વારો આવ્યો. તેને કોઈએ પ્રશ્ન કર્યો કે તમને આ ગામના રાજા ક્યા કારણથી બનાવ્યા ? ત્યારે ખેડૂતે નીચે જોવું પડ્યું. બધા કહે, કાંઈ બોલો તો ખરા, નીચું કેમ જુઓ છો ? ત્યારે તેણે શરમાતાં શરમાતાં કીધું કે મેં રાજાને પાણી નહોતું પાયું તેથી મને રાજા બનાવ્યો.

મિત્રો ! આ વાત તો અહીં પુરી થઈ પણ વિચારવાનું હવે આવે છે. ભગવાન આ ધરતી ઉપર પધારે છે જીવનું કલ્યાણ કરવા માટે. ભગવાનનો સંકલ્પ છે. "જેને જોઈએ તે આવો મોક્ષ માગવા આજ ધર્મવંશી ને દ્વાર." ભગવાનનો સંકલ્પ છે કે મારો આશ્રિત અન્ન વસ્ત્રે દુઃખી ન થાય અને "મારા જનને અંતકાળે જરૂર તેડવા આવવું બિરૂદ મારૂં ન બદલે." તો ભગવાન તો એ સંકલ્પો જરૂર પુરા કરશે પણ આપણે નીચું જોવું ન પડે, શરમાવું ન પડે તેનું ધ્યાન રાખજો. એવું ન થાય તે માટે ભજન, ભક્તિ, સત્સંગ, સેવા વગેરે કરી લેવાં. તો આપણે ભગવાનની આગળ નીચું જોવાનો વારો ન આવે.

●

**સેવા ચાર પ્રકારની**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

અરે છોકરાં આજે કેમ સવાર-સવારમાં મારી પાસે આવી ગયા ? સવારમાં દાદાજી પાસે આવી ગયેલાં મન, દિવ્ય અને સરલાંને દાદાજીએ પૂછ્યું. એટલે મન કહે, દાદાજી ! કાલે આપણે મંદિરે ગયા હતા ત્યારે કથામાં સાંભળ્યું હતું કે "સેવા હિ પરમો ધર્મ" તો આ સેવા તે શું હશે ! અમને એ સમજાવશો ? દાદાજી તો આ પ્રશ્નથી ખૂબ ખુશ થયા અને કહેવા લાગ્યા - સાંભળો બાળકો, આજે તો રવિવાર છે તો તમને જરા વિસ્તારથી એ વાત સમજાવું.

જુઓ બાળકો, જે કાર્ય પરોપકારની ભાવનાથી, ભક્તિની ભાવનાથી અને કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના કાર્ય કરવામાં આવે તેને સેવા કહેવાય. આ સેવા પણ અલગ-અલગ પ્રકારે થઈ શકે. સેવા ચાર પ્રકારના "ક"થી થાય. ૧. કાયાથી, ૨. કોથળીથી, ૩. કલમથી, ૪. કંઠથી.

હવે તમને ચાર પ્રકારે કેવી રીતે સેવા થાય તે પણ વિસ્તારથી સમજાવું. તમારે સાંભળવું છે ને ? ત્રણે બાળકો એક સાથે બોલ્યાં - હા દાદાજી, જરૂરી સાંભળીશું. અને આ નવી વાત જાણવાની, સાંભળવાની ને સમજવાની બહુ મજા આવશે.

**કાયાથી સેવા :** આપણે મંદિરે જઈએ ત્યારે ત્યાં સાવરણી હાથમાં લઈ વાળીએ, વાસણ માંજીએ, ફૂલહાર પરોવીએ વગેરે એ બધી કાયાથી થતી સેવા છે. મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે - "નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો." તે ઉપરાંત કોઈ રોગી હોય તેમને હાથ પકડી દવાખાને લઈ જઈએ, વૃધ્ધને સ્નાન કરાવીએ, હાથ પકડી ચલાવીએ, માતા-પિતાને મદદરૂપ થઈએ આ બધી કાયાથી થતી સેવા છે. સંતોએ અને શાસ્ત્રોએ આ કાયાથી થતી સેવાને બહુ ઉત્તમ ગણાવી છે. કાયા દ્વારા થતી સેવાથી પહાડ જેવા પાપોનો ક્ષય થાય છે. અને જીવ ખૂબ મોટી પદવીને પામે છે.

**કોથળીથી સેવા :** કોઈ શુભ કાર્ય થતું હોય જેમ કે મંદિરનું નિર્માણ થતું હોય, કોઈ યજ્ઞકાર્ય થતું હોય, કોઈ વિદ્યાર્થીને ભણતરમાં આર્થિક સહયોગની જરૂરિયાત હોય કોઈ દર્દીને સારવાર માટે આર્થિક સહયોગની જરૂરિયાત હોય આવા સંજોગોમાં જે ધન આપવામાં આવે તો તે કોથળીથી થતી સેવા છે. આજે કોઈ પણ કાર્ય કરવું હોય તો તેમાં પૈસો ખૂબ અગત્યની જરૂરિયાત છે. જેની પાસે સગવડ હોય તે વ્યક્તિ આવા શુભકાર્યોમાં પોતાની સંપત્તિ આપીને સેવા કરી શકે છે. આવા શુભકાર્યમાં પોતાની સંપત્તિ દાન કરવાથી ઘરમાં સાત્વિક લક્ષ્મીનો

વાસ થાય છે જે આપણને સુખી કરે છે.

**કલમથી સેવા :** ભગવાનના લીલાચરિત્રો કે સદુપદેશની વાતો વાંચવાથી માણસમાં સારા સંસ્કારોનું સિંચન થાય છે. તે વાંચન કે અભ્યાસ માટે પુસ્તકો, સામાયિકો વગેરેની આવશ્યકતા રહે છે. જે વિદ્વાન વ્યક્તિઓ પોતાના જ્ઞાનને આ રીતે પુસ્તક કે લેખના સ્વરૂપે લખીને તૈયાર કરે છે. તે તેમના દ્વારા થતી કલમની સેવા છે. આ સેવા પણ સમાજને ખૂબ જ ઉપયોગી છે. સારા પુસ્તકો, સારી વાંચન સામગ્રી દ્વારા સમાજનું ઘડતર થઈ શકે તે માટે આ કલમ દ્વારા થતી સેવા ખૂબ જરૂરી છે. આપણા સંતોએ કીર્તનો અને શાસ્ત્રોની જે રચના કરી તેના લીધે આપણે ભગવાનને સરળતાથી ભજી શકીએ છીએ. જો સંતો તેમજ ઋષિ-મહર્ષિઓએ તેમના આ જ્ઞાનને પુસ્તક-શાસ્ત્રનું સ્વરૂપ આપ્યું જ ન હોત તો આપણે શું કરત ! એટલે બાળકો ! આ કલમથી થતી સેવા પણ બહુ મહત્વની સેવા છે. સાથે સાથે એ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે જીવનમાં દરરોજ સારા સાહિત્યનું વાંચન કરવાની આદત જો તમે કેળવશો તે તમે પણ વિદ્વાન બની શકશો અને આ રીતે કલમથી સેવા કરી શકશો.

**કંઠથી સેવા :** ભગવાનના કીર્તનોનું ગાન કરવું, ભગવાનની કથા-વાર્તાનું વાંચન કરી જ્ઞાન-ઉપદેશ આપવો તે કંઠથી થતી સેવા છે. શાસ્ત્ર હોય પણ તે સમજાવનાર કોઈ ન હોય તો તે સમજી શકાતાં નથી. જેમ તમારા ભણવાનાં પુસ્તકોમાંથી તમારા શિક્ષક તમને સમજાવે ત્યારે તમને ખબર પડે છે ને ! એમ ભગવાનના લીલાચરિત્રોને હૃદયમાં ધારી તેની કથા-વાર્તા કરવી તે કંઠની સેવા છે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન આવી કંઠની સેવા કરનારને સદા એમની સાથે રાખતા હતા. તમને ખબર છે ? નથી ખબર, તો સાથે સાથે તમને એ પણ કહી જ દઉં, સાંભળો, સ્વામિનારાયણ ભગવાન સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદજી બ્રહ્મચારી તથા શ્રી પ્રાગજી પુરાણીને કાયમ સાથે રાખતા અને તેમના દ્વારા નિત્ય કથા-વાર્તાનું શ્રવણ કરતા. આપણે પણ નિત્યપ્રત્યે મંદિર જઈ કથા-વાર્તાનું શ્રવણ કરીએ તો આપણામાં સારા સંસ્કારો વૃધ્ધિ પામે.

બાળકો ! હવે ખબર પડી, સેવા એટલે શું ? હા, દાદાજી તમે અમને બહુ સરળતાથી સમજાવ્યું. અમને બહુ મજા આવી ગઈ. હવે અમે પણ સેવા કરીને સુખી થઈશું.

મિત્રો ! આ બાળકોની જેમ તમે પણ હવે સેવા કરવાની ટેક રાખશો તો ભગવાનનો રાજીપો અખંડ પ્રાપ્ત થશે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યપ્રકરણના પચ્ચીસમાં (૨૫) વચનામૃતમાં સેવા કરનારને કેવી મોટી પ્રાપ્તિ થાય છે તેની વાત કરી છે. ભગવાનની જ પરાવાણીમાં - ''જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે, ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહી, તો તેના અંતઃકરણની જે મલીન વાસના તે સર્વે નાશ પામી જાય છે.''

આવી મોટી જેની પ્રાપ્તિ છે તે ''સેવા'' યથાશક્તિ પણ થતી રહે તે માટે સદા તત્પર રહીશું તો ભગવાન અને મોટા સંતપુરુષોનો રાજીપો પ્રાપ્ત થઈ શકશે.

**શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યોને સૂચન**

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યોને સૂચન છે જે, આપને અમે દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈ પૂર્વક અંક મેઈલ કરીએ છીએ. છતાં કોઈકને અંક નથી મળતા તેવી ફરિયાદ આવે છે. જેઓએ પોતાની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખિતમાં ફરિયાદ કરવી. જેથી અંક સમયસર અને નિયમિત મળતા થશે. અંક સ્ટોકમાં હશે તો ફરીવાર પોસ્ટ દ્વારા મોકલી આપીશું. આપના સભ્ય નંબર સાથે અમને જણાવશો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ભગવાને સ્વમુખે આજના દિવસે ફણેણીમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ચૌદમાં દિવસે એટલે કે સંવત ૧૮૫૮ માગશર વદી સફલા એકાદશીના રોજ સભામાં સ્વામિનારાયણ મહામંત્ર આપેલો છે.

સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીની ધર્મધુરાને ધારણ કરેલા એવા સહજાનંદ સ્વામી આ સભાને સંબોધતા કહે છે કે હે ભક્તજનો ! આજ સુધી તમે અલગ અલગ નામથી ભજન કર્યું પણ હવેથી હું તમને એક મંત્ર આપું છું. માટે હવેથી તમારે આ મંત્રનો જાપ કરવાનો છે. એ ઐતિહાસિક વર્ણન હરિલીલામૃતમાં લખાયેલું છે.

**ચૌદમાંથી નવી રીત કરી, સૌના અંતરમાહી ઉતરી...**

તો અહીંયા એક પ્રશ્ન સહેજે મનમાં ઉદ્ભવે છે કે **'નવી રીત કઈ' તો શું ? આ પૂર્વે ભગવાનનું 'ભજન' થતું જ ન હતું ? થતું તો કેવું થતું ? તો 'રામ', 'કૃષ્ણ', 'ગોવિંદ' , એમ અલગ અલગ નામથી સંપ્રદાયમાં સૌ 'ભજન' કરતા.** વળી શ્રી સહજાનંદ સ્વામીએ આગળ કહ્યું કે અત્યાર સુધી મારા અનેક નામ છે. કોઈ નામ સંતોએ આપ્યા તો કોઈ નામ ભક્તોએ પાડ્યા અને વળી જ્યારે પૃથ્વી ને વિષે જન્મ ધારણ કર્યો ત્યારે માતા-પિતાએ પણ નામ પાડ્યા અને તમે તે નામથી મારું ભજન પણ કરતા રહ્યા, પણ **આજ હું સ્વયં મારું નામ આપું છું. આ 'સર્વોપરી' મંત્ર છે. એમ કહીને ભગવાને 'સ્વામિનારાયણ' એવો મંત્ર આપ્યો.**

**હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ.**
**સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ.**
**બીજા નામ લે કોઈ અપાર, તોય આવે નહિ એની હાર.**

આમ ભગવાન સ્વામિનારાયણના મુખેથી સૌ પ્રથમવાર નામ સાંભળતા સહુને આનંદ થયો અને **'જયઘોષ'** સાથે બધા સંતો ભક્તોએ વધાવી લીધો અને આમ સમગ્ર બ્રહ્માંડમાં **'સ્વામિનારાયણ'** મહામંત્ર ગૂંજા ઉઠ્યો અને કળિયુગમાં નામ સ્મરણનો મહિમા પણ શાસ્ત્રોમાં ખૂબ બતાવ્યો છે.

ભગવાન વેદવ્યાસે પણ શ્રીમદ્ ભાગવતમાં બતાવ્યું છે કે સત્તયુગમાં વિષ્ણુ ભગવાનની પૂજા કરવાથી ત્રેતાયુગમાં સર્વ પ્રકારના યજ્ઞ કરવાથી અને દ્વાપરયુગમાં સેવા પૂજા અર્ચન કરવાથી જે ફળ પ્રાપ્ત થતું હતું તે ફળ કળિયુગમાં માત્ર ભગવાનના નામ સ્મરણથી મળે છે.

સંત તુલસીદાસે પણ રામચરિતમાનસમાં કહ્યું છે કે પૂજા-અર્જન યજ્ઞ અને યોગથી જે ફળ મળે છે તે બધું ફળ ભગવાનના નામ સ્મરણથી કળિયુગમાં મળે છે. તો સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારે બધા જુદા જુદા નામનો જપ કરતા હતા તેથી મહારાજે નક્કી કર્યું કે આપણે બધા જે જાપ કરે છે તેમાં જપ કરવા માટે સમગ્ર સંપ્રદાયમાં એક જ નામ હોવું જોઈએ. એવું વિચારીને મહારાજે સ્વામિનારાયણ મહામંત્ર પોતે આપેલો છે. અને એ સર્વોપરી મંત્ર છે. અને **'સ્વામિનારાયણ' એટલે જે બધા 'લક્ષ્મીનારાયણ,' 'નરનારાયણ', 'વાસુદેવનારાયણ' એ બધા નારાયણના પણ સ્વામી એટલે 'સર્વોપરી' કહેવાય.** પણ જપ કરતી વખતે શ્રધ્ધા અને નિષ્ઠાથી મહિમા સમજીને જપ કરવાનો. એક એક મણકાએ મૂર્તિને ચિત્તમાં પરોવીને ભગવાનનું નામ લેવાનું છે.

ગમે તેટલા મોટા પાપી હોય તે પણ સાચા દિલથી જો ઉચ્ચારણ કરે તો તેના પાપ બળી જાય છે. પણ અંતરથી જોડાઈને જપ કરવાનો છે. આપણા બધાનું ભગવાન સાથે જોડાણ જે છે તે અંતરમાં જોડાઈ ગયું છે. કેમ કે ? કાંઈ પણ થાય નાની અમથી ઠેસ વાગે તો પણ તરત જ અંતરમાંથી નીકળી જાય છે. **સ્વામિનારાયણ.............. સ્વામિનારાયણ.....**

તો આપણા અંતરમનમાં જે ભગવાનનું જોડાણ થયું છે તેવું જ કાયમ માટે ચાલુ રાખવાનું છે. અમુક લોકો જ્યારે જીવનમાં દુ:ખ આવે ત્યારે ભગવાનનું નામ લે. પછી બધું સરખું થઈ જાય પછી પતી ગયું. પોતાની મસ્તીમાં ખોવાઈ જાય. તો એવું ના હોવું જોઈએ. અમુક ઈન્જેકશન અને અમુક દવાઓ એવી હોય છે કે જ્યાં સુધી તેનો પાવર હોય ત્યાં સુધી કામ કરે અને પછી પાછો દુ:ખાવો હોય એમ જ ચાલુ થઈ જાય પણ અમુક લોકો એવા હોય છે કે જે રોગને શરીરમાં પેસવા જ ન દે એવી કાળજી રાખે છે. **તો આ**

**ભગવાનનો મંત્રજાપ છે તે એવો છે કે જો સતત જાગૃત રહીશું અને અંતરમનથી ભગવાન સાથે જોડાયેલા રહીશું અને કાયમ ચાલુ રાખીશું તો જગતની અવગુણરૂપી બિમારી આપણી અંદર પેસશે જ નહિ.** શરૂઆતમાં અઘરું લાગે છે. નાના છોકરાને જેમ નાના હોય ત્યારે સ્કૂલે જવાનું ના ગમે પણ પરાણે પરાણે મોકલવા પડે. પણ રોજનો અભ્યાસ થઈ જાય પછી વ્યસન થઈ જાય. પછી આપણે રજા રાખવાની કહી તો પણ નહિ માને. કેમ કે ? મનથી નક્કી થઈ જાય છે કે મને હવે આ લક્ષ્ય પ્રાપ્ત કરવું છે. તો મનમાં એવો નિશ્ચય થઈ જશે તો જ મહિમા સાથે ભજન થશે. તો **સ્વપ્નમાં પણ 'સંકલ્પ' ન આવવો જોઈએ કે હકીકતમાં આ 'સર્વોપરી' છે કે નહિ 'સર્વોપરી' છે જ એમ ઉંડે સુધી જડાઈ જવું જોઈએ તો બધા સંકટ આપોઆપ ટળી જાય છે.**

●

**''સ્વામિનારાયણ મહામંત્ર''**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ હળાહળ કળિયુગ છે. અને એ કળિયુગમાં મનુષ્ય જન્મ સાર્થક કરવા માટેના તેમજ મહામારી રોગથી બચવા માટે કલ્યાણકારી સાધનો ઘણા છે. જેવા કે, 'તપ, વ્રત, દાન, યજ્ઞ, જપ આદિક કલ્યાણાકરી સાધનો છે. પણ આ બધા સાધનો કરતા ''સ્વામિનારાયણ મહામંત્ર'' છે એ જ સુખકર છે. અને સંસારને તારનાર છે ને મહામારી રોગથી મુક્ત કરનાર છે. જે જન્મ મરણના ફેરામાંથી ટાળનાર છે. ભગવાનનું નામ લેવામાં કાંઈ નિયમ નથી કે કાંઈ વિધિ નથી. કોઈપણ ખર્ચ કે મહેનત નથી. સ્વામિનારાયણ નામ બાળકો યુવાન, વૃધ્ધ, ઉચ્ચ, નીચ કોમના સ્ત્રી-પુરુષો, માંદા માણસો વગેરે લઈ શકે છે. જપ કરવાથી મન શુધ્ધ થાય છે. માયાનો નાશ થાય છે. માયાનો નાશ થશે તો હૃદયમાં ભગવાન અખંડ રહેશે. ને મનોમંદિર પવિત્ર બનશે. અને ત્યારે જ જીવનો મોક્ષ થશે.

સત્તયુગમાં ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી અને દ્વાપર યુગમાં સેવા કરવાથી જે ફળ મળે તે કળિયુગમાં ભગવાનના નામનો જપ કરવાથી મળે છે. ભગવાન સ્વમુખે નારદજીને કહ્યું છે કે ''હું વૈકુંઠમાં રહેતો નથી. યોગીઓના હૃદયમાં રહેતો નથી. પણ હું તો મારા ભક્તો જ્યાં મારા નામની ધૂન મચાવે છે ત્યાં જ હું રહું છું. માટે સ્વામિનારાયણ મહામંત્ર, હાલતા-ચાલતા-ખાતા પીતા સર્વે ક્રિયામાં શુધ્ધ મનથી જપ્યાં કરો. જપ કરશે તે જ સુખી થશે. અને તેના અનેક જન્મોના પાપ બળી જશે. **(૧) ''જે સ્વામિનારાયણ નામ લે છે તેના બધા પાતક બાળી દે છે. (૨) છે નામ મારા શ્રૃતિમાં અનેક સર્વોપરી આજ ગણાય એક.**

આમ ભગવાનના નામના બળથી પાતકી, પાતકથી મુકાય છે. રોગી રોગથી મૂકાય છે. અને દુઃખી, દુઃખથી મૂકાય છે. રામનામથી હનુમાનજી સાગર કુદી લંકામાં પહોંચી ગયા. વાંદરાઓએ સાગરમાં પાજ બાંધી અને પથ્થરો તર્યા તથા શ્રીહરિના નામથી ગજેન્દ્ર મગરના મુખથી મુકાણો અને પરમ પદને પામ્યો. એવી જ રીતે પ્રભુના નામના બળથી મંજારીના બચ્ચાઓ નિભાંડામાંથી બચી ગયા. એટલે માટલાના નિભાંડામાં મંજારીએ બચ્ચાં મૂક્યા હતા. કુંભાર ભૂલી ગયો. અને નિભાડો સળગાવ્યો. પછી તેને મંજારીના બચ્ચા યાદ આવ્યા. યાદ આવતા કુંભારે આખી રાત્રી પ્રભુના નામની ધૂન કરી તો શ્રીહરિએ એ બચ્ચાઓની રક્ષા કરી. જરાય આંચ આવવા દીધી નહી. આવો ''સ્વામિનારાયણ મહામંત્ર''ના નામનો પ્રતાપ છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, અંતકાળમાં જે મારૂં સ્મરણ કરે છે તે મારા ભાવને પામી જાય છે. એમાં સંશય નથી. માટે ઉઠતા બેસતા હાલતા-ચાલતા, ખાંતા-પીતાં હરહમેંશ નામ જપ કર્યા કરવો. એમ શ્રીજી મહારાજે ગઢડા પ્રમથના ૨૩ માં વચનામૃતમાં કહ્યું છે. તેમજ કળિયુગમાં અન્ય સાધનોની તુલનામાં નામસ્મરણ જપને શાસ્ત્રોએ તેમજ સંતોએ વધારે મહત્વ આપ્યું છે. એટલે તો કહ્યું છે ને ? **''કળિયુગ કેવલ નામ આધારા, સુમિરન સુમિરન નર ઉત્તર હી પારા.''** સાકરનો સ્વભાવ છે જેના મુખમાં એ જાય ત્યાં મીઠાશ પ્રસરાવે છે. એ રીતે નામનો-જપનો પણ આવો જ સ્વભાવ છે. એનું રટણ સહુને શુધ્ધ અને પરિશુધ્ધ કરે છે. નામ જપને પ્રતાપે ઘણાનો ઉધ્ધાર થયો છે.

નારાયણના નામે અજામેલનો ઉધ્ધાર થયો. તેમજ વાલિયો લૂંટારો વાલ્મિકી ઋષિ બન્યા. જનાબાઈ છાણા થાપતા નારાયણનું નામ બોલતા તો તેનો પણ ઉધ્ધાર થયો છે. બીજા ધર્મશાસ્ત્રો પણ કહે છે કે **કલિયુગે હરિ કીર્તનમ્ ॥** કળિયુગમાં ભગવાનનું નામને ભજન-સ્મરણ કરવું જ શ્રેયસ્કર અને હિતાવહ છે. કારણ કે તે સદ્યઃ ફળદાયી છે. જપ, યજ્ઞ, અભણ અને અજ્ઞાની માણસો પણ કરી શકે છે. ''સ્વામિનારાયણ'' ષડાક્ષરી મહામંત્ર માટે સ્થળ, કાળ, માળા, દિશા, આસન વગેરેનું બંધન નથી. આ મંત્રનો જપ શુધ્ધ કે અશુધ્ધ દેહે ગમે ત્યારે ગમે ત્યાં થઈ શકે છે. આ મંત્ર વિશે શ્રીહરિ કહે છે કે **''ભાવે કભાવે જે કોઈ મારૂં નામ લેશે તેનાં બધા પાતકબાળી દેશું.''** જેમ સિંહને સામે ભાળીને બકરી ઘાસ ખાઈ ન શકે. તેમ નામ સ્મરણ સતત ચાલુ હોય તેનાથી પાપ ન થઈ શકે. આમ જપ કરવાથી પાપો

નાશ પામે છે. શ્રીજી મહારાજ કહે છે કે, ''ગમે તેવો પાપી હોય પણ જો અંત સમયે સ્વામિનારાયણ એવા નામનું એનાથી ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપથી છૂટી જાય છે. અને બ્રહ્મમહોલનો નિવાસી બને છે.

ભગવાનના નામનો મહિમા મુક્તાનંદ સ્વામીએ ગાયો છે જે,

**''સુખદાયક રે સ્વામી સહજાનંદ**
**પ્રગટ પુરૂષોત્તમ શ્રીહરિ**
**જેનું સ્વામિનારાયણ નામ છે,**
**જેને ભજને રે પામે ભવજળ પાર,**
**સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે,**
**તેને જન્મ મરણ જમનો ભય જાય.**

નિષ્કુળાનંદ સ્વામી પણ નામનો મહિમા વર્ણવે છે.

**સ્વામિનારાયણ નામ વહાલું લાગે,**
**સ્વામિનારાયણ નામ**
**રાત-દિવસ મારા રૂદિયા ભીતર,**
**જપીશ આઠો જામ વહાલું.**
**ભવજળ તરવા પાર ઉતરવા,**
**ઠરવાનું છે મારે ઠામ વહાલું.**
**સર્વોપરી શ્યામ છે નરવીર નામ,**
**સુંદર સુખડાનું ધામ રે વહાલું.**

વળી નિષ્કુળાનંદ સ્વામી નામનો મહિમા વર્ણવે છે જે,

**સ્વામિનારાયણ નામને તુલ્ય નાવે રે,**
**જપ, તપ, તીરથ વ્રત કાવે રે**
**એવો નામતણો મહિમાય રે,**
**ભજતા ભવદુ:ખ પલાય રે**
**સત્ય નિષ્કુળાનંદ તેને ગાય....**
**સ્વામિનારાયણ નામને**

આમ પ્રેમાનંદ, બ્રહ્માનંદ, ભૂમાનંદ આદિ નંદ સંતોએ પણ નામનો મહિમા વર્ણવ્યો છે. માટે સમય મેળવીને ભગવાનનો નામ જપ કરો. ભજન થાય એ જ જીવનનો સાર છે. નામ જપના વ્યસનથી પરમ સુખ અનુભવાય છે. ભગવાન સાથે નાતો જોડવા નામ સ્મરણ સરળ અને હાથવગું સાધન છે.

નામસ્મરણમાં ભગવત સ્મૃતિ રહે એજ જરૂરી છે. નામી સહિત નામ લેવાથી અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. શ્રધ્ધા અને પ્રેમપૂર્વક કેવળ નિષ્કામભાવે નામસ્મરણ કરવાથી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદ સ્વામી પણ ભજન સ્મરણ કરવા અંગે નીચેના પદમાં મહિમા પૂર્વક આગ્રહથી કહે છે.

**''મારે સ્વામિનારાયણ ભજવા છે,**
**દુરિજનિયાના સંગને તજવા**
**મેં તો મેલ્યો સંસારીડો માડી,**
**જોવા સ્વામિનારાયણ દાડી**
**મને સ્વામિનારાયણ ભાવે,**
**લોક સ્વામિની કહીને બોલાવે**
**વાટેઘાટે ને જોતા વળતાં,**
**સ્વામિનારાયણ શ્રવણે સાંભળતા**
**મુખે સ્વામિનારાયણ ગાઉ,**
**લોકલાજ થકી ન લજાઉ.. મારે**

સ્વામિનારાયણ મંત્ર જપથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષરૂપી ચારેય પુરુષાર્થની સિધ્ધિ થાય છે. કોઈપણ મંત્રનું અનુષ્ઠાન કરવા માટે તેના નિયત કરેલા જપ નિયમિત રીતે કરવા પડે છે. પછી તેનો દશાંશ હોમ કરવો પડે છે. ત્યારે જ એક અનુષ્ઠાન પૂર્ણ થયું કહેવાય. પોતે જે મંત્ર પસંદ કર્યો હોય તેને વળગી રહેવું જોઈએ. મંત્રની વારંવાર ફેરબદલી કરવી નહિ. મંત્રાક્ષરમાં ક્યાંય ભાંગતોડ કરવી જોઈએ નહિ.

એકવાર એક શ્રધ્ધાળું બહેનને કોઈ મહાત્માએ મંત્ર આપ્યો. જે, **''ૐ નમો ભગવતે વાસુદેવાય''** અને કહ્યું કે, બેટા ! આ મંત્રનો નિયમિત કામકાજ કરતા જપ કર્યા કરજે તારૂં કલ્યાણ થશે. પછી બહેન નિયમિત જપ કરવા લાગી. થોડા દિવસ ગયા ત્યાં એકવાર પાણી ભરવા ગઈ. ત્યાં એની એક સાહેલી કહેવા લાગી કે બેન ! તું શું મનમાં બબડ્યા કરે છે ? તે કહે કે હું મંત્ર જાપ કરું છું. તે સાંભળીને સાહેલીએ સલાહ આપી કે આપણાથી પતિદેવનું નામ ન લેવાય દોષ લાગે. અને આ મંત્રમાં તો તારા પતિદેવનું નામ આવે છે. માટે થોડો સુધારો કર, ભોળી બેને તો સખીની સલાહ પ્રમાણે મંત્રમાં સુધારો કરી **''ૐ નમો ભગવતે બાબલાના બાપા.''** મંત્ર જપવા માંડી. શું તેનું ઈચ્છિત ફળ મળે ખરૂં ? આમ મંત્રમાં ભાંગતોડ કે ફેરફાર કરવાથી તે મંત્ર નિરર્થક બની જાય છે. તેમ ''સ્વામિનારાયણ'' મંત્રમાં ભાંગતોડ કે ફેરફાર ન કરવા. તેથી સ્વામિ અને નારાયણ જુદા છે એવો અર્થ ગ્રહણ ન કરવો. નહિતર તેનો અર્થ ફરી જતા ઈચ્છિત ફળ ન મળે. આ મંત્ર સ્વયં શ્રીહરિએ આપેલો છે. માટે સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરવો. જેથી મહામારી રોગ નાબુદ થાય.

●

**"જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલી સુખમાં ન્યુનતા છે"**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

નિર્વાસનિક થયા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી. પોતામાં રહેલા દોષને નિર્મૂળ કરો. શુધ્ધ થવું જોઈએ. નાનું સરખું એક કાણું મોટા વહાણને ડુબાડે છે. તેમ વાસના, મમતા અને મોહ માણસને ડૂબાડે છે.

ભગવાનનું ધ્યાન-સ્મરણ કરવાથી કારણ શરીરમાં રહેલી વાસના બળી જાય છે. પ્રભુના કમળની પાંખડી જેવાં અણીયાળાં નેત્રો છે તે ચિત્તને ચોરે છે.

**"નેણે વરસે અમૃત અવિનાશ,**
**કરે પાન નિત્ય નિજદાસ**
**નીરખી નેંણા તૃપ્ત ન થાય,**
**તેમને કલ્પ પલક સમજાય."**

મૂર્તિને વિષે પ્રગટ પ્રત્યક્ષ ભાવ લાવીને નીરખી નીરખીને દર્શન કરે છે તેનાં આંખનાં પાપ ધોવાઈ જાય છે. ભગવાને ચંદનના વાઘા પહેર્યા છે, તેનાં દર્શન કરી ભગવાનને હૃદયમાં ઉતારો... પ્રભુના હસ્તકમળમાં સોનાનાં કડા, પોંચી, વીંટી ધારણ કરેલ છે. પ્રભુના અંગોઅંગની શોભા જોતાં કરોડો કામદેવ મૂર્છિત થઈ જાય છે. એવી શોભાએ યુક્ત શ્રીહરિ છે.... પ્રભુએ અંગોઅંગમાં ફૂલનાં શણગાર ધારણ કર્યા છે. ધ્યાન કરો, ચંપો, ચમેલી, મોગરા, ગુલાબ, ગુલદાવદી, સેવંતી જેવાં અનેક સુગંધી પુષ્પથી ગરકાવ છે. જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાન કરવાથી માયામાંથી જલ્દી છૂટાય છે.

ઝાડને પાણીની જરૂર છે, શરીરને ખોરાકની જરૂર છે. જીવાત્માને ભગવાનનાં ધ્યાનની જરૂર છે. પાણી વિના ઝાડ સૂકાઈ જાય, અન્ન વિના શરીર સૂકાઈ જાય, તેમ જપ અને્ હરિધ્યાન વિના જીવાત્મા ભક્તિમાં મોળો પડી જાય છે.

પંચાળાના પહેલા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જેમ આ મશાલ બળે છે, તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે, તેવો થોડેક છેટો નથી. તેથી ઘણે છેટે મૂળગો નથી, તેમ બીજે ઠેકાણે તો કિંચિત સુખ છે. સંપૂર્ણ સુખ તો ભગવાનની સમીપમાં છે.

એક વાત અવશ્ય સમજીવી પડશે કે, જેને ભગવાન ભજવા હોય, જીવનું કલ્યાણ કરવું હોય તેને જીવનમાંથી આળસ અને ઉંઘને ઓછાં કરવાં જ જોઈએ. ઉંઘ અને આળસ ભજનમાં વિઘ્નરૂપ છે. અનેક જન્મ સુધી જ્યારે મહેનત કરે ત્યારે આ કામ થાય એવું છે, એવું મહાન ભક્તિનું કામ લઈને આપણે બેઠા છીએ એમાં ગાફલાઈ રાખીએ તો કેમ મેળ થાય.....!

●

**અમદાવાદ - નારણપુરામાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં દિવ્ય સંકલ્પથી અમદાવાદ-નારણપુરામાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સોનાનાં સૂરજની જેમ શોભી રહ્યું છે. તેમાં શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુનાં ખૂણે ખૂણે દર્શન થાય છે. તેથી આ મ્યુઝિયમ કોઈ જોવા લાયક હોલ કે સ્થળ નથી પણ ધામોનું ધામ એવું દર્શનીય ધામ છે.

અહીં મૌન મંદિરમાં શ્રી નરનારાયણદેવમાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય છે અને શ્રી નરનારાયણદેવનાં અભિષેકમાં તેનો સાક્ષાત્કાર થાય છે. અહીં મૌન મંદિરમાં શ્રીજી મહારાજનાં નખ-કેશ-દાઢ-રૂપાની સળી-અસ્થિ અને હસ્તાક્ષરનાં સાક્ષાત્ દર્શન થાય છે. જેથી અહીં ઘનશ્યામ મહારાજની જન્મભૂમિ છપૈયાધામ જેવું લાગે છે.

ઘનશ્યામ મહારાજની માણકી ઘોડીનાં ચરણથી પાવન થયેલ આ પવિત્ર ભૂમિમાં માણકી ઘોડીનાં જાણે સાક્ષાત્ દર્શન થાય છે.

ભગવાનનો સંબંધ તો સર્વ પ્રકારે જીવને સુખકારી છે જ પરંતુ ભગવાનનો પ્રત્યક્ષ સંબંધ પામેલી વસ્તુઓ તથા સ્થળનું સંસ્મરણમાત્ર પણ જીવને અનેક પ્રકારે સુખકારી નીવડે છે.

એક વખત આત્મદર્શી સ્વરૂપાનંદ સ્વામીને જ્યારે દેહમાં અસહ્ય દાહ થતો હતો ત્યારે દાદાખાચરના દરબારના નળિયાના સંસ્મરણથી એ પીડા શમી હતી. આનું તાત્વિક રહસ્ય એટલું જ છે કે ભગવાનના પ્રત્યક્ષ સંબંધને પામેલી પ્રત્યક્ષ ચીજ-વસ્તુ નિર્ગુણ અને દિવ્ય બની જાય છે. ભગવાનના પ્રત્યક્ષ સંબંધને પ્રાપ્ત કરીને પ્રત્યેક સ્થળ અને વસ્તુની યાદ મનને સીધું ભગવાનનાં સ્વરૂપમાં ખેંચી જાય છે અને આધિ, વ્યાધિ અને ઉપાધિને નાશ કરી ને મનને પરમ શાંતિ આપે છે એવું તીર્થધામ બને છે.

કદાચ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય પણ આવા તીર્થધામ સાંભરી આવે ને તો જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** દાદાખાચરના દરબારમાં શ્રીજી મહારાજ સભા ભરીને બિરાજમાન હતા તે સમયે પરમહંસ ''હરિ મેરે હાલરકી લકરી'' કીર્તન ગાતા હતા ત્યારે મહારાજે ક્યું કીર્તન ગાવા કહ્યું ?

**પ્ર. ૨** શ્રીજી મહારાજ ભૂજમાં સુંદરજીભાઈના ઘરે ઉતર્યા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, સ્વામી અમારા શરીરે તાવની કસર આવી છે તો તમે અમારું આસન એકાંતમાં કરાવી આપો. પછી મહારાજે સ્વામી પાસે જમવામાં શું માગ્યું ?

**પ્ર. ૩** 'માને ગયું કૌરવનું કૂળ, માને ગયું છે કંસનું મૂળ, માને સુર અસુર છે દુઃખી, માન રાખી થયા કોણ સુખી' - સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથમાં ઉપરોક્ત ચોપાઈ ક્યા પ્રકરણમાં વર્ણવી છે ?

**પ્ર. ૪** ''સમાધિને વિષે સર્વે લીન થાય છે ત્યારે આકાશ કેવી રીતે લીન થાય છે ?'' - વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

**પ્ર. ૫** ''જે દિવસે શિક્ષાપત્રીનું વાંચન ન થાય તે દિવસે ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.'' - ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

**પ્ર. ૬** ઈન્દ્રને ભગવાન નરનારાયણદેવના તપથી ઈન્દ્રાસન લઈ લેવાની બીકે તેમણે તપ ભંગ કરવા કામદેવ સહિત સ્વર્ગની અપ્સરાઓ આદિને મોકલ્યા પરંતુ ભગવાન નરનારાયણદેવે તેમનો અતિથિ સત્કાર કર્યો અને પોતાના યોગબળથી પોતાના ઉરુમાંથી એક બાળા ઉત્પન્ન કરીને સ્વર્ગમાં ઈન્દ્રને ભેટ આપી તે બાળાનું નામ જણાવશો ?

**પ્ર. ૭** ''જે દિનસે મોય શ્યામ બિસારી, તા દિનસે સુખ ભયો હે હરામ..., કબ મિલે હે બિછૂરે ઘનશ્યામ.....'' - આ કીર્તનની રચના કોણે કરી છે.

## ફેબ્રુઆરી-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** શ્લોક-૭૨. **(૨)** શ્રીજી મહારાજ વચનામૃત ગ.અં.-૩૦. **(૩)** સાંગ અને આજગવ ધનુષ્યો. **(૪)** મિથિલા નગરીમાં. **(૫)** પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૪૦, કડી ૫-૬. **(૬)** ૭૫ ગોળીઓ. **(૭)** સગુ. પ્રેમાનંદ સ્વામી.

૧ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૪ પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા)
૫ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૯ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૭ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૮ પટેલ જયંતીભાઈ અંબાલાલ (માણસા)
૯ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૦ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૧૧ ભાવસાર અરવિંદાબેન એન. (અમદાવાદ)
૧૨ ઠક્કર હસુબેન કે. (અમદાવાદ)
૧૩ સાંખ્યયોગી મંજુબા-ભારતીબા (કાલુપુર હવેલી)
૧૪ સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૫ પૂજારી મહેશ ભગત (કડી મંદિર)
૧૬ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૭ પટેલ નટવરભાઈ પરસોત્તમદાસ (રાણીપ)
૧૮ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૧૯ પટેલ માધવલાલ સોમદાસ (મારૂસણા)
૨૦ ડાભી પ્રભાતજી કેશરજી (ડાંગરવા)
૨૧ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૨૨ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૩. પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)નો ૧૬ મો પાટોત્સવ ઉજવાયો

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તથા પૂ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા)ની શુભ પ્રેરણા અને બાપુનગર મંદિરના બન્ને મહંત સ્વામી સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને શા. સ્વામી વાસુદેવચરણદાસજીના સુંદર માર્ગદર્શનથી તા. ૨૧-૨-૨૧ થી તા. ૨૫-૨-૨૧ પર્યંત અ.સૌ. અરૂણાબેન ચન્દ્રકાંતભાઈ બેલાણી પરિવારના મુખ્ય યજમાનપદે તથા સહયજમાન પ.ભ. બાબુભાઈ પોપટભાઈ શીંગાળા તેમજ અન્ય યજમાનોની સેવા ભાવનાથી એપ્રોચ મંદિરનો ૧૬ મો પાટોત્સવ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચિત સુપ્રસિદ્ધ આરતી જય સદ્ગુરુ સ્વામી.....ની વિવેચન કથાનું મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજીના વક્તાપદે સંગીતજ્ઞ ગાયક વૃંદ સાથે સુંદર પંચ દિનાત્મક આયોજન થયું હતું. કથા દરમિયાન સંપ્રદાયની મર્યાદા અનુસાર સંતો સહિત ભક્તજનોએ સુંદર રાસોત્સવનો દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે અમદાવાદ (કાલુપુર) મંદિરના પૂજારી બ્ર. સ્વામી મુકુંદાનંદજીએ નંદ સંતો રચિત કીર્તનોનું ગાન કરાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. કથા દરમિયાન અમદાવાદ, ભૂજ, ગઢપુર, જૂનાગઢ, ધોળકા, ધોલેરા, ગાંધીનગર, નારાયણઘાટ, કાંકરીયા, દ્વારકા, તળાજા વગેરે ધામોધામથી બ્રહ્મનિષ્ઠ સંતો મહંતોએ પધારીને પ્રસંગોચિત આશીર્વચનો પાઠવ્યા હતા. સભાનું સંચાલન દરરોજ સ.ગુ. સ્વામી હરિપ્રકાશદાસજી (ધોલેરા)એ સુંદર રીતે શોભાવ્યું હતું.

સંતો દ્વારા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટની આરતી થઈ હતી. સ્ત્રી ભક્તો દ્વારા પોતાના ઘેરથી જ પવિત્રપણે અન્નકૂટની વાનગીઓ બનાવવામાં આવી હતી. અન્નકૂટ પ્રસાદનું વિતરણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા અનાથાશ્રમના બાળકોને તથા વૃધ્ધાશ્રમના વડીલોને કરવામાં આવ્યું હતું. કથાના અંતમાં દરરોજ શ્રોતાજનો માટે નાસ્તા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તા. ૨૪-૨-૨૧ ના રોજ નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીનો વિષમકાળ હળવો થતા જાન્યુઆરી-૨૦૨૧ થી શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શનિવારની અઠવાડિક સત્સંગ સભાનું નિયમિત આયોજન થઈ રહ્યું છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨)

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. પી.પી. સ્વામીના માર્ગદર્શન પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) થી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરા સુધી ભવ્ય પદયાત્રા તા. ૭-૨-૨૦ રવિવારના ૧૦૮ હરભક્તો અને સંત મંડળ સાથે સવારે ૫ વાગ્યે શ્રી નરનારાયણદેવના રથ સાથે ધૂન-કીર્તન કરતા પ્રયાણ કર્યું હતું.

સવારે ૭-૩૦ કલાકે કોબા સર્કલ પાસે શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર દ્વારા તમામ યાત્રિકોને ગરમ મસાલાવાળું દુધ પ્રસાદ રૂપે આપવામાં આવ્યું હતું. રસ્તામાં સવારે ૮ વાગે મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર ઠાકોરજીના દર્શન કરી ત્યાંના ભક્તો દ્વારા સુંદર પોસ્ટીક નાસ્તો કરાવવામાં આવ્યો હતો. સવારના ૧૦-૩૦ વાગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પદયાત્રા પહોંચી હતી. જ્યાં સવારના ૮ થી ૧૦-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહાપૂજા અને શ્રી નરનારાયણદેવનો મહાભિષેક ગાંધીનગરના હરિભક્તોના યજમાનપદે થયો હતો. જેનો લાભ સર્વે પદયાત્રી સંત-હરિભક્તોએ લીધો હતો. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. સર્વ પદયાત્રીઓએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન આશીર્વાદ લઈ અહીં અલૌકિક પ્રસાદ લીધો હતો. (બિપીનભાઈ પટેલ - ગાંધીનગર)

### ગાંધીનગર મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજને એલાયચીના વાઘા

ગાંધીનગર (સે-૨) આપણા મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજને એલાયચીના અલૌકિક મનમોહક વાઘા બનાવી ધરાવ્યા હતા. જેના યજમાન પ.ભ. સુશીલાબેન રણછોડભાઈ પટેલની ૪૧ મી મેરેજ એનિવર્સરી નિમિત્તે ધરાવવામાં આવ્યા હતા. વાઘાની સુંદર સેવા શ્રી

નરનારાયણદેવ મહિલા મંડળે કરી હતી. (સ્વા. દેવપ્રકાશદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી (અમદાવાદ) પાટોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને ગાંધીનગર (સે-૨) મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડીનો ૮ મો પાટોત્સવ તા. ૯-૨-૨૧ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક, મહાપૂજા, ઠાકોરજીને અન્નકૂટ આદિ થયા હતા. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ ભગવાનના લીલાચરિત્રની કથા સંભળાવી હતી. સભા સંચાલન શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોટા)એ કર્યું હતું. પ્રસંગમાં શા. ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ) ઘનશ્યામ સ્વામી (ગાંધીનગર) સ્વામી દેવપ્રકાશદાસજી (ગાંધીનગર) સ્વા. નિલકંઠચરણદાસજી (મૂળી) અને પાર્ષદ મહેન્દ્ર ભગત (કોટેશ્વર) સેવામાં જોડાયા હતા. (સ્વા. દેવપ્રકાશદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર સત્સંગ સભા**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૨૮-૧-૨૧ ના રોજ કોરોના પછીની પ્રથમ માસિક સભા વિજાપુરમાં થઈ હતી. જેમાં પૂજારી સ્વામી કુંજવિહારીદાસજીએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. હવે દર પૂનમે સત્સંગ સભા નિયમિત થશે. (સ્વા. દેવપ્રકાશદાસ - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા (માણસા) સત્સંગ સભા**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપાથી એવમ્ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી તા. ૩૦-૧-૨૧ ના રોજ કોરોના પછીની પ્રથમ સભા વરસોડા ગામે સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. હવેથી દર પૂનમે સભા કરવામાં આવશે. (સ્વા. દેવપ્રકાશદાસ - ગાંધીનગર)

**શિલજમાં શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી એવમ્ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી તા. ૩૧-૧-૨૧ ના રોજ શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ શિલજ દ્વારા શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં શા. સ્વા. રામકૃષ્ણદાસજી, શા. સ્વા. નારાયણમુનિદાસજી, શા. ગોપાલજીવનદાસજી, સ્વા. ઘનશ્યામપ્રકાશદાસ અને પાર્ષદ મહેન્દ્ર ભગત આદિ ગાંધીનગર (સે-૨)ના સંત-પાર્ષદ મંડળે કથા-વાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો. (દેવપ્રકાશ સ્વામી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા સત્સંગ સભા**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી તા. ૩૧-૧-૨૧ ના રોજ મોટેરા આપણા મંદિરમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં પૂ. પી.પી. સ્વામી અને સ્વામી નિલકંઠચરણદાસજી (મૂળી)એ કથાનો લાભ આપ્યો હતો. (સ્વા. દેવપ્રકાશદાસ - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા ૫ મો પાટોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શા. સ્વા. અખિલેશ્વરદાસજી તથા કોઠારી સર્વેશ્વરદાસજી તેમજ સ્વા. સુખનંદનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં બિરાજમાન સર્વોપરી ભગવાન શ્રીહરિનો ૫ મો પાટોત્સવ અત્રેના શ્રી ભાવિનભાઈ શેઠ, રંજનબેન, જગદીશભાઈ શેઠના યજમાન પદે વિધિવત રીતે ઉજવાયો. ઠાકોરજીનો અભિષેક યજમાન પરિવાર દ્વારા થયો હતો. સંતોએ બનવેલ અલૌકિક અન્નકૂટ ઠાકોરજીને ધરાવ્યો હતો. મહંત સ્વામીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. (કે.બી. પ્રજાપતિ - મોડાસા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવનો ૧૯૮ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી પરમ કૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળી મંદિરના સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદાસજીની પ્રેરણાથી મહંત સ.ગુ. શા. સ્વા. હરિપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શન મુજબ મહા સુદ-૫ વસંત પંચમીને તા. ૧૬-૨-૨૧ ના રોજ મૂળી મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૯૮ મો પાટોત્સવ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શા.સ્વા. બ્રહ્મવિહારીદાસજી તથા સાધુ સત્સંગ સાગરદાસજીના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગે ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટોત્સવ, વસંતના વધામણા, શ્રી શિક્ષાપત્રી સમૂહ પાઠ અને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની પ્રતિમાનું પૂજન વિધિવત રીતે થયા હતા. સમગ્ર પાટોત્સવના યજમાનપદે પ.ભ. ભગવાનજીભાઈ માધવજીભાઈ પરમાર (બોડકા) પરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે અન્નકૂટ આરતી અને યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને અંતરપૂર્વકના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને પાર્ષદ ભરત ભગતે સંભાળ્યું હતું. ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર ૧૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા કૃપાળુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના પૂજ્ય સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરનો ૧૫ મો પાટોત્સવ વિધિવત રીતે તા. ૨-૧૨-૨૦ ને બુધવારના કોવિડ ગાઈડ લાઈન મુજબ ઉજવાયો. જેના યજમાનપદે પ.ભ. કાનજીભાઈ છગનભાઈ ગઢીયા પરિવાર રહ્યા હતા. પ્રાતઃ ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ, યજ્ઞ આદિ થયા હતા. શા. સ્વા. સત્સંગસાગરદાસજી અને શા.સ્વા. નિત્યપ્રકાશદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. અન્ય સેવામાં શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી, શાંતિ સ્વામી, ત્યાગ સ્વામી, ભક્તિ સ્વામી અને કનુ ભગત રહ્યા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ટીંબા ગામે કથા પારાયણ**

મૂળીધામ નિવાસી પરમ કૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના પૂ. સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી ટીંબા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૧-૨૧ થી તા. ૨૮-૧-૨૧ પર્યન્ત શ્રી યમદંડ કથા પારાયણ સ.ગુ. શા.સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી.

ગામના સર્વે હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે મૂળી, સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. સભા સંચાલન પુરાણી સ્વામી નિત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ચૂડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧૨ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી પરમ કૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના પૂ. મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રીહરિના અલૌકિક ચરણરજથી પાવન થયેલ મહાપવિત્ર ચૂડા ગામનું મંદિર સ.ગુ. દેવાનંદ સ્વામીએ બંધાવેલું. આ મંદિરનો ૧૧૨ મો પાટોત્સવ તા. ૫-૨-૨૧ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે તા. ૧-૨-૨૧ થી તા. ૫-૨-૨૧ પર્યન્ત શ્રીમદ્ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વામી સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી.

ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટના દર્શન અને કથા શ્રવણ કરી હરિભક્તો ધન્ય બન્યા હતા. આ પ્રસંગે મૂળી અને સુરેન્દ્રનગર મંદિરથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ. પુરાણી સ્વામી નિત્યપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું. સમગ્ર પ્રસંગમાં માર્ગદર્શક શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી રહ્યા હતા. ગામના સર્વે હરિભક્તોએ દેવ દર્શન કથા શ્રવણનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (બ્લેક ટાઉન)**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા ઓસ્ટ્રેલીયા સીડની (બ્લેક ટાઉન) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૭-૨-૨૧ ના રોજ માઘસ્નાનનું સુંદર આયોજન થયું હતું. મંદિરથી એક કલાકના અંતરે આવેલા સમુદ્રતટે શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે સવારે ૫-૩૦ વાગે સૌ હરિભક્તો અને નાના બાળકો સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરતા કરતા માઘ સ્નાન કર્યું હતું. સાથે સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજને જલાભિષેક કર્યો હતો. ત્યારબાદ સૌએ ઠાકોરજીની આરતી કરી શ્રીહરિના ચરણોમાં નત મસ્તકે પ્રાર્થના કરી હતી.

તા. ૧૬-૨-૨૧ ના રોજ મહાસુદ-૫ વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતીના શિક્ષાપત્રીનું વાચન-પૂજન અર્ચન કર્યું હતું. જેમાં ભાઈઓ, બહેનો, વડીલો અને બાળકો જોડાયા હતા. સૌ ભક્તોએ શ્રી શિક્ષાપત્રીના અલગ અલગ શ્લોકનું વાચન કર્યું હતું.

છેલ્લે ઠાકોરજીની સંધ્યા આરતી કરી, શ્રી શિક્ષાપત્રીની આરતી ઉતારી શ્રીજી મહારાજને શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવા પ્રાર્થના કરી હતી. (પ્રિતેશ કાશવ - સીડની)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| પોષ સુદ-૧ | માળી લક્ષ્મણજી ગુલાબજી (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| પોષ સુદ-૧ | પટેલ ધર્મેન્દ્રભાઈ ભગવાનભાઈ (ચુરમાના લાડુ) | મણીપુરા |
| પોષ સુદ-૧ | અ.નિ. ડૉ. ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલ (ચુરમાના લાડુ) | સુરત |
| પોષ સુદ-૧ | કા. પ્રફુલભાઈ દિનકરભાઈ (મોતૈયા લાડુ) | લુણાવાડા |
| પોષ સુદ-૧ | પંચાલ નંદલાલ નાનજીભાઈ (મગસ) | |
| પોષ સુદ-૧ | અ.નિ. શુકલ ઈન્દુમતીબેન દુર્ગાશંકર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧ | પટેલ વિનયકુમાર દ્વારકાદાસ (મગસ) | ગાંધીનગર |
| પોષ સુદ-૧ | લીલાબેન કનુભાઈ (મોતૈયા લાડુ) | |
| પોષ સુદ-૧ | અ.નિ. કથીરીયા કેશરબેન મીઠાભાઈ, અ.નિ. મીઠાભાઈ હરજીભાઈ (ચુરમાના લાડુ) | |
| પોષ સુદ-૧ | અ.નિ. વરસાણી લાલજીભાઈ હરજીભાઈ (મોતૈયા લાડુ) | સામત્રા-કચ્છ |
| પોષ સુદ-૧ | અ.નિ. સોલંકી ઝરણાબેન જગદીશભાઈ (મોહનથાળ) | ઓઢવ |
| પોષ સુદ-૧ | અ.નિ. સૂરજાણી ખીમજી લાલજી (મોતૈયા લાડુ) | માંડવી-કચ્છ |
| પોષ સુદ-૧ | પટેલ લીલાબેન પ્રહલાદભાઈ (મોતૈયા લાડુ) | માંડવી-કચ્છ |
| પોષ સુદ-૧ | પટેલ લીલાબેન પ્રહલાદભાઈ (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧ | પટેલ રેણુંકાબેન દિનેશભાઈ (મગસ) | ન્યુ રાણીપ |
| પોષ સુદ-૧ | પટેલ બળદેવભાઈ લાલદાસ (મોતૈયા લાડુ) | ઝુલાસણ |
| પોષ સુદ-૧ | પટેલ શિલ્પાબેન યતિનકુમાર (ચુરમાના લાડુ) | ઝુલાસણ |
| પોષ સુદ-૨ | વાઘેલા પ્રવિણભાઈ મોહનભાઈ (મોતૈયા લાડુ) | નિકોલ |
| પોષ સુદ-૨ | પટેલ શિલ્પાબેન (ચુરમાના લાડુ) | ગારીયાધાર |
| પોષ સુદ-૩ | અ.નિ. પટેલ જગદીશભાઈ અંબાલાલ (ચુરમાના લાડુ) | વિહાર |
| પોષ સુદ-૪ | ઠક્કર પરેશભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૪ | ચોકસી મનીષભાઈ જીતુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૪ | અ.નિ. ઠાકર વિષ્ણુપ્રસાદ મગનલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૪ | ચૌધરી વિષ્ણુભાઈ બળદેવભાઈ (મોહનથાળ) | બાલવા |
| પોષ સુદ-૫ | દેવેન્દ્રભાઈ પ્રહલાદભાઈ (મગસ) | વિસનગર |
| પોષ સુદ-૫ | કાકડીયા કરશનભાઈ ગોગનભાઈ (દૂધપાક પુરી) | |
| પોષ સુદ-૫ | શાહ ભરતભાઈ રસિકલાલ (કાજુ બદામ મૈસુબ) | અમેરિકા |
| પોષ સુદ-૬ | મોદી હરિભાઈ શામળદાસ (અડદીયો) | વડનગર |
| પોષ સુદ-૬ | અ.નિ. ગામી શામબાઈ ડી. (મગસ) | સામત્રા-કચ્છ |
| પોષ સુદ-૭ | અ.નિ. પિંડોરીયા ગોપાલ ગાંગજી (ચુરમાના લાડુ) | નારણપર-કચ્છ |
| પોષ સુદ-૭ | જામસર મહિલા મંડળ (અડદીયો) | |
| પોષ સુદ-૮ | પટેલ પાર્થ શૈલેષભાઈ (ગુલાબજાંબુ) | કેનેડા |
| પોષ સુદ-૮ | પટેલ અંજનાબેન નરેન્દ્રભાઈ (માલપુંવા) | અમદાવાદ |
| પોષ સુદ-૯ | ભાવસાર દેવેશ અમિતકુમાર (મોહનથાળ) | |
| પોષ સુદ-૧૦ | અ.નિ. હાલાઈ શામજી મનજી (મગસ) | માંડવી-કચ્છ |
| પોષ સુદ-૧૦ | સહજાનંદ પી.વી.સી. (મગસ) | માંડવી-કચ્છ |
| પોષ સુદ-૧૨ | અ.નિ. પટેલ મંગળદાસ શંકરદાસ (મોહનથાળ) | રિદ્રોલ |
| પોષ સુદ-૧૨ | અ.નિ. હાલાઈ શામજીભાઈ મનજીભાઈ (મોતૈયા લાડુ) | માંડવી-કચ્છ |
| પોષ સુદ-૧૨ | સાં. હિરાણી શામબાઈ અરજણ (મોહનથાળ) | ભુજ-કચ્છ |
| પોષ સુદ-૧૩ | શાહ શરદભાઈ બાબુભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૩ | અ.નિ. નાકરાણી મંગળાબેન બાબુભાઈ (કાજુ બદામ મૈસુબ) | પીઠવડી |
| પોષ સુદ-૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન ૯ માં પાટોત્સવ નિમિત્તે (મોહનથાળ) | |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| | | |
|---|---|---|
| પોષ સુદ-૧૪ | પટેલ લીલાબેન ઈશ્વરભાઈ જેઠીદાસ લક્ષ્મણભાઈ (મોહનથાળ) | ડાંગરવા |
| પોષ સુદ-૧૪ | લક્ષ્મણભાઈ (મોહનથાળ) | |
| પોષ સુદ-૧૫ | ફીચડીયા વિમલભાઈ કાંતિભાઈ (કાજુ બદામ મૈસુબ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૫ | પટેલ રાકેશભાઈ ચિમનભાઈ (મોહનથાળ) | બાયડ |
| પોષ સુદ-૧૫ | રંગાણી વિનોદભાઈ લાલજીભાઈ (મોહનથાળ) | મુંબઈ |
| પોષ વદ-૧ | અ.નિ. હિરાણી કલ્યાણ કેસરા (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| પોષ વદ-૧ | અ.નિ. ગંગાબા ભગત (મગસ) | પોર |
| પોષ વદ-૧ | ચૌહાણ અરવિંદભાઈ બાબુભાઈ (મોહનથાળ) | વલ્લભવિદ્યાનગર |
| પોષ વદ-૧ | પટેલ વિઠ્ઠલભાઈ અંબાલાલ (અડદીયો) | વડોદરા |
| પોષ વદ-૧ | પટેલ બાબુભાઈ નારણદાસ (મગસ) | વડુ |
| પોષ વદ-૨ | અ.નિ. કોઠારી સ્વામી હરિપ્રકાશદાજી અને અ.નિ. શા.સ્વા. દેવપ્રકાશદાજી (ચુરમાના લાડુ) | |
| પોષ વદ-૨ | પટેલ અમૃતભાઈ એસ. (કાજુ બદામ મૈસુબ) | અમદાવાદ |
| પોષ વદ-૨ | રાવજીભાઈ મથુરભાઈ (મોહનથાળ) | ખડોળ |
| પોષ વદ-૨ | ભાદાણી રમેશભાઈ ભીમજીભાઈ (અડદીયો) | ભાંભણ-બોટાદ |
| પોષ વદ-૨ | પટેલ મેઘજી મનજી (અડદીયો) | માંડવી-કચ્છ |
| પોષ વદ-૩ | જેઠવા પારૂલબેન જતીનકુમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૩ | પટેલ અશોકભાઈ જોઈતારામ (બુંદીના લાડુ) | ડાંગરવા |
| પોષ વદ-૩ | પટેલ ચંચીબેન જોઈતારામભાઈ (ચુરમાના લાડુ) | જોટાણા |
| પોષ વદ-૩ | પટેલ સ્મિતાબેન દિનેશચંદ્ર (કાજુબદામ મૈસુબ) | ખંભાત |
| પોષ વદ-૩ | પટેલ મોક્ષિત સંકેતકુમાર (મોહનથાળ) | ઝુંડાલ |
| પોષ વદ-૪ | પટેલ સુરેશભાઈ કાંતિલાલ કરશનદાસ (મોહનથાળ) | મોખાસણ |
| પોષ વદ-૬ | પટેલ ભરતભાઈ ભગવાનભાઈ (ચુરમાના લાડુ) | નિકોલ |
| પોષ વદ-૬ | પટેલ લક્ષ્મીબેન બચુભાઈ (મગસ) | કણકોલી |
| પોષ વદ-૬ | શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ (મોહનથાળ) | ધ્રાંગધ્રા |
| પોષ વદ-૬ | પટેલ કીર્તન દિલીપભાઈ (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| પોષ વદ-૭ | અ.નિ. વરસાણી લખીબેન મૂળજી (મોહનથાળ) | કચ્છ |
| પોષ વદ-૧૧ | સત્સંગી બહેનો (જલેબી) | હવેલી |
| પોષ વદ-૧૧ | પટેલ મયુરભાઈ (બુંદી) | મોડાસા |
| પોષ વદ-૧૧ | ચૌધરી ઘનશ્યામભાઈ નટુભાઈ (ચુરમાના લાડુ) | બાલવા |
| પોષ વદ-૧૧ | ભુવા માનબાઈ વાલજી કાનજી (બુંદીના લાડુ) | ભુજ-કચ્છ |
| પોષ વદ-૧૧ | પટેલ ગીતાબેન રાજેશભાઈ (મગસના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૧૨ | અ.નિ. સુતરીયા ઠાકરસીભાઈ કાનજીભાઈ (મગસના લાડુ) | જાળીલા |
| પોષ વદ-૧૨ | પટેલ પ્રહલાદભાઈ ગોવિંદભાઈ (ચુરમાના લાડુ) | |
| પોષ વદ-૧૨ | પટેલ હર્ષદભાઈ ત્રિભોવનભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ વદ-૧૨ | પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ (ચુરમાના લાડુ) | કુંડાળ-કડી |
| પોષ વદ-૧૪ | અ.નિ. ચૌધરી સુરજબેન છગનભાઈ હાથીભાઈ (મગસ) | બાલવા |
| પોષ વદ-૧૪ | રાબડીયા કરશન કાનજી (મગસ) | ભારાસર-કચછ |
| પોષ વદ-૧૪ | દેસાઈ ભરતભાઈ કાળાભાઈ (મગસ) | મોરબી |
| પોષ વદ-૩૦ | અ.નિ. પટેલ કરશનભાઈ જેઠીદાસ (દૂધપાક પુરી) | ધરમપુરવાળા |
| પોષ વદ-૩૦ | ભુવા લાલજીભાઈ હરજીભાઈ (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.














૧. ઓવિંઢપુરા નૂતન મંદિરની ખાત વિધિ કરતા સંતો. ૨. મહેસાણા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનાં અભિષેક દર્શન. ૩. આપણા વિહોકન ન્યુજર્સી મંદિર દ્વારા કોરોના ગ્રસ્તો માટે ફૂડ પેકેટનું વિતરણ કરાયુ હતું. ૪. શિકાગો (અમેરિકા) મંદિરમાં શિક્ષાપત્રી જયંતીની ઉજવણી. ૫. સિડની (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં શિક્ષાપત્રી જયંતી ની ઉજવણી કરતા હરિભક્તો. ૬. મોડાસા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023





ઇન્ડિયન આર્મીના બ્રીગેડીયર એન્થની ગ્રોસી જે ધ્રાંગધ્રા મિલેટરી સ્ટેશનના કમાન્ડર છે તેઓ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાતે આવ્યા ત્યારે પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજીમહારાજશ્રી સાથે.




હેલ્થકેર તથા ઉત્કૃષ્ટ નેતૃત્વમાટેનો સર્વોચ્ચ એવોર્ડ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના પારિવારિક સભ્ય જેવા ડો.વિનીત મિશ્રા (ડીરેક્ટર I.K.D.R.C.) ને પ્રાપ્ત થયો તેની ઉજવણી મહારાજશ્રીના નિવાસ સ્થાને કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશો.
htpp://www.swaminarayan.in/donation

Praful Kharsani